સુવિચાર

''દુનિયા માટે આપણે એક વ્યકિત છીએ, પણ પરિવાર માટે તો આખી દુનિયા.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક વદ-૫ વર્ષ : ૧૭ અંક : ૨૯૦

લીલીયા મોટાનાં વાઘણીયા ખાતે પ્રાંત અધિકારીનાં અધ્યક્ષસ્થાને

બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની યોજાયેલ લોક સુનાવણીમાં હોબાળો

વાઘણીયા, ટીંબડી, નાના લીલીયા અને પીપળવાનાં ગ્રામજનોએ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ન બનાવવા રજૂઆત કરી

ગ્રામજનોનું માનવું છે કે મેડિકલ વેસ્ટનાં ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પશુ, પક્ષીઓ અને માનવ જીંદગી ઉપર જોખમ ઉભુ થશે

ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં લીધે સ્થાનિક વિસ્તારનું વાતાવરણ પણ દુષિત બની જવાની ચિંતા

પ્રાંત અધિકારી અને પ્રદુષણ બોર્ડનાં અધિકારીએ ગ્રામજનોની રજૂઆત અંગે યોગ્ય કરવા ખાત્રી આપી



લીલીયા, તા. ૨૭

લીલીયા તાલુકાના વાઘણીયા ગામની હદમાં અમરેલી બાયોમેડ સર્વિસિસ દ્વારા સૂચિત કોમન બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટી માટેની લોક સુનાવણી કાર્યક્રમ પ્રાંત અધિકારી જીલ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો હતો. જેનો વાઘણીયા, ટીબડી, નાના લીલીયા, પીપળવા ગ્રામજનોએ સુનાવણી કાર્યક્રમનો ભારે વિરોધ કરી આ પ્રોજેકટ અન્યત્ર ખસેડવામાં આવે તેવી માંગ કરી હતી. પ્રોજેકટ અટકાવવા સ્થાનિક સરપંચ બાલાભાઈ ભરવાડ, કમલેશભાઈ પડસારીયા, મેહુલભાઈ સોલંકી, રણવીર ભરવાડ સહિતના ગ્રામજનોએ અગાઉ જિલ્લા કલેકટર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પીઆઈને હવા અને ઝેરી ઉત્સર્જન, પીવાના પાણી, ભૂગર્ભજળ ખેતી,જમીન, કચરાના સંગ્રહ અને પરિવહન રાખ અને અંતિમ નિકાલ અંગે વન અને વન્ય પ્રાણીઓની અવર જવર તથા વસવાટ અંગે સહિતના મુદ્દાઓને લઈ લેખીત રજૂઆત કરવામાં આવી હતી.

જેના પગલે આજે સ્થળ પર પ્રાંત અધિકારી જીલ પટેલ અને એમ.જી. બારડ પ્રાદેશિક અધિકારી ગુ.ક.ની બોર્ડ ભાવનગરની ઉપસ્થિતિમાં બપોરના ૧૧ કલાકે વિવાદિત જમીન પર સુનાવણી કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં પ્રોજેકટ અને ખનન માફિયાઓને લઈ ભારે લોકોનો વિરોધ જોવા મળેલ. આ તકે ટીંબડી ગામના સરપંચ બાલુભાઈ ડાવરા, પીપળવા ગામના સરપંચ રાજુભાઈ ભેડા ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ તકે આમ આદમી પાર્ટીના મહામંત્રી રાજુભાઈ ગરાણીયાએ પ્રોજેકટને લઈ

અનુસંધાન પાના ૬ ઉપર

માનવ વસાહતમાં રાનીપશુઓની રોજિંદી આવનજાવન

બગસરાનાં લુંધિયા ગામનાં પાદરમાં સિંહે કર્યુ ગાયનું મારણ : ફફડાટ

ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં દિનપ્રતિદિન માનવ વસાહતમાં સિંહ, દીપડા જેવા પ્રાણીઓની અવરજવર અને પશુઓ કે માનવ જીવન ઉપર હુમલાની ઘટના પ્રકાશમાં આવી રહી હોય નાગરિકોમાં ચિંતા અને ભયનો માહોલ છવાયો છે.

દરમિયાનમાં બગસરાનાં લુંધિયા ગામનાં પાદરમાં સિંહે ગાયનું મારણ કરતાં ગ્રામજનોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો હોય વન વિભાગ સિંહ, દીપડા જેવા પ્રાણીઓને સુરક્ષિત સ્થળે ખસેડે તેવી માંગ ઉભી થઈ રહી છે.

કુંડળીયાળા ગામે રહેતા પતિનાં ત્રાસથી કંટાળીને

રાજુલાનાં જુની કાતર ગામે મહિલાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાના જુની કાતર ગામના વતની અને હાલ સુરતના વરાછામાં આવેલ દશરથનગરમાં રહેતા હીરાકામનું કરતા ગોવિંદભાઈ ભીખાભાઈ જોગદીયા નામના ૪૬ વર્ષીય આધેડના બહેન દયાબેનના રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામે રહેતા પતિ આરોપી હરેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરીજનો પેટે પાટા બાંધીને વિવિધ કરવેરા ભરે છતાં સુવિધા શુન્ય

સાવરકુંડલામાં જેસર માર્ગ ઉપર સતત ઉડતી ધુળની ડમરીઓથી શહેરીજનો ત્રાહીમામ : માર્ગ બનાવવા માંગ

શહેરનાં પૂર્વ કોંગ્રેસ પ્રમુખે તાત્કાલિક પાકો માર્ગ બનાવવા માંગ કરી



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરનાં મુખ્ય માર્ગો પૈકીનાં એક એવા જેસર રોડની અત્યંત બિસ્માર અને ધૂળિયા હાલતને કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર પ્રશ્ને સાવરકુંડલા શહેર કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ કનુભાઈ ડોડીયાએ નગરપાલિકાનાં સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી, આ માર્ગ પર તાત્કાલિક ધોરણે નિયમ મુજબ પાકો ડામર રોડ બનાવવાની માંગણી કરી છે.

મળતી વિગતો અનુસાર, જેસર રોડ પર નવી ગટર લાઈન નાખવાની કામગીરી દરમિયાન વર્ષો જૂનો મજબૂત રસ્તો તોડી પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ તંત્ર દ્વારા અહીં મેટલિંગ કરીને આરસીસી રોડ બનાવવામાં આવ્યો છે, પરંતુ હાલ આ રસ્તા પર એટલી હદે માટી અને ધૂળ જામેલી છે કે વાહન પસાર થતાં જ ધૂળની ડમરીઓ ઊડે છે.

રસ્તા પર સતત ઊડતી ધૂળ ને કારણે ટુ-વ્હીલર ચાલકો, રાહદારીઓ, વૃધ્ધો અને શાળાએ જતા બાળકોનું સ્વાસ્થ્ય જોખમાયું છે. લોકોમાં આંખોમાં બળતરા, ગળામાં ખરાશ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ જેવી બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત, આસપાસના

અનુસંધાન પાના ૬ ઉપર

આજે રાત્રે સમય : રાત્રીના ૯:૦૦ કલાકે
સ્થળ : દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ, અમરેલી.
R. R. GROUP PRESENT
UNPLUGGED MELODY
LIVE IN CONCERT
DARSHNA PATEL (MUMBAI)
AMAN SETHI (MUMBAI)
ROSHAN UGREJIA (MUMBAI)
ટિકીટ બુકિંગ માટે સંપર્ક કરો... નૈમિષ રાજપુત : Mo. 94094 44461
આશા દવે : Mo. 94272 44484 | વિશાલ સોની : Mo. 88498 82859

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કલ્પેશ બજાણીયા
ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૦૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

રાજ્યોના પ્રતિનિધિત્વનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં

શું છે પરિસીમન બિલ? મહિલા અનામત સાથે શું છે તેનું કનેક્શન?

વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં 33 ટકા મહિલા અનામત લાગુ કરવાની સરકારની તૈયારી

નવી દિલ્હી, તા.૨૭

મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકાર પરિસીમનનો માર્ગ અપનાવવાની તૈયારી કરી રહી છે. ૨૦૨૩માં સંસદે પસાર કરેલા નારી શક્તિ વંદન અધિનિયમમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે, આ અનામત નવી જનગણના બાદ થનારા પરિસીમનની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ લાગુ થવાની હોવાથી તેના અમલીકરણમાં વિલંબ થઈ રહ્યો છે. હવે સરકાર ૨૦૧૧ની જનગણનાના આંકડાના આધારે પરિસીમન કરવાની દિશામાં આગળ વધવા માગે છે.

પરિસીમન એટલે વસ્તીના આધારે લોકસભા અને વિધાનસભાની બેઠકોની સંખ્યા તથા મતવિસ્તારોની સીમાઓનું પુનર્નિર્ધારણ. દેશની વસ્તીમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને દરેક વિસ્તારને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે તેનો મુખ્ય હેતુ છે.

અગાઉ રજૂ કરાયેલા ૧૩૧મા બંધારણીય સુધારા વિધેયકમાં લોકસભાની મહત્તમ સભ્યસંખ્યા ૮૫૦ કરવાની દરખાસ્ત હતી. તેમાં રાજ્યો માટે ૮૧૫ અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૫ બેઠકોની જોગવાઈ પ્રસ્તાવિત હતી. પરિસીમન માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં પંચ રચવાની દરખાસ્ત પણ હતી. આ પંચ બેઠકોની વહેંચણી અને અનામત બેઠકો નક્કી કરવાની કામગીરી કરે તેવી જોગવાઈ સૂચવવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૩માં પસાર થયેલા નારી શક્તિ વંદન અધિનિયમ હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાં પણ મહિલાઓ માટે એક તૃતીયાંશ અનામતનો સમાવેશ થાય છે. જોકે, આ અનામત તરત અમલમાં આવવાની નથી. કાયદા પ્રમાણે આગામી સંબંધિત જનગણનાના આંકડા પ્રકાશિત થયા બાદ પરિસીમનની પ્રક્રિયા પૂર્ણ થવી જરૂરી છે. આ કારણે મહિલા અનામતના અમલીકરણમાં વિલંબની સ્થિતિ ઊભી થઈ છે. સરકારનો તર્ક છે કે ૨૦૧૧ની જનગણનાના ઉપલબ્ધ આંકડાનો આધાર લઈને પરિસીમનની પ્રક્રિયા આગળ વધારવામાં આવે તો મહિલા અનામતને વહેલી તકે અમલમાં મૂકવાનો માર્ગ મોકળો થઈ શકે છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં મહિલા અનામતનો અમલ કરવાનો હોવાનું માનવામાં આવે છે. આ માટે પરિસીમન અને મહિલા અનામતને એક જ બંધારણીય સુધારાના પેકેજ સાથે જોડવાની તૈયારી છે.

સરકારના મતે લોકસભાની બેઠકોમાં વધારો કરવાથી મહિલાઓને વધુ બેઠકોમાં પ્રતિનિધિત્વ આપવાની તક મળશે. જોકે, આ સમગ્ર પ્રક્રિયા માટે સંસદમાં બંધારણીય સુધારો પસાર કરાવવો જરૂરી છે. અગાઉ ૧૭ એપ્રિલે લોકસભામાં રજૂ થયેલા બંધારણીય સુધારા વિધેયકને જરૂરી બે તૃતીયાંશ બહુમતી મળી નહોતી. મતદાન દરમિયાન બિલના સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા. જરૂરી બહુમતી ન મળતાં વિધેયક પસાર થઈ શક્યું નહોતું.

હવે સરકાર ફરીથી આ મુદ્દે સંસદનું વિશેષ સત્ર બોલાવી રહી છે. ૩૦ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી ચાલનારા સત્રમાં આ મુદ્દે ચર્ચા અને વિધેયક રજૂ થવાની શક્યતા છે. બંધારણીય સુધારા માટે સંસદના બંને ગૃહમાં હાજર રહી મતદાન કરનારા સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ મતની જરૂર પડે છે. લોકસભાની હાલની ૫૪૦ સભ્યોની સંખ્યા પ્રમાણે તમામ સભ્યો મતદાન કરે તો ૩૬૦ મત જરૂરી બને છે. અહેવાલ મુજબ **NDA** પાસે આશરે ૩૨૬ સાંસદોનું સમર્થન છે. અન્ય પક્ષોના સંભવિત સમર્થનને ગણતરીમાં લઈએ તો પણ લોકસભામાં જરૂરી આંકડો મેળવવો સરકાર માટે પડકારરૂપ છે. રાજ્યસભામાં પણ બે તૃતીયાંશ સમર્થન મેળવવું પડશે.

પરિસીમનના મુદ્દે સૌથી મોટો વિવાદ દક્ષિણ ભારતનાં રાજ્યોના પ્રતિનિધિત્વને લઈને છે. દક્ષિણનાં રાજ્યોની દલીલ છે કે તેમણે વસ્તી નિયંત્રણમાં નોંધપાત્ર કામગીરી કરી છે. આવી સ્થિતિમાં માત્ર વસ્તીના આધારે બેઠકોની પુનઃવહેંચણી કરવામાં આવે તો તેમની રાજકીય ભાગીદારી ઘટી શકે છે. બીજી તરફ ઉત્તર ભારતનાં વધુ વસ્તી ધરાવતા રાજ્યોનું પ્રતિનિધિત્વ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આથી દક્ષિણનાં રાજ્યોને રાજકીય પ્રભાવમાં ઘટાડો થવાની આશંકા છે. સરકાર તરફથી રાજ્યો વચ્ચે બેઠકોનું વર્તમાન પ્રમાણ જાળવી રાખવાની ખાતરી આપવામાં આવી રહી છે. જોકે, આ ખાતરીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવશે કે કેમ તે મુદ્દે વિપક્ષ સ્પષ્ટતા માગી રહ્યો છે. વિપક્ષી પક્ષોની મુખ્ય દલીલ છે કે તેઓ મહિલા અનામતના વિરોધમાં નથી, પરંતુ પરિસીમનની પ્રક્રિયા અને તેના કારણે રાજ્યોના પ્રતિનિધિત્વ પર પડનારી સંભવિત અસર અંગે વાંધો ધરાવે છે. કોંગ્રેસ સહિતના પક્ષો આ પ્રક્રિયામાં તમામ રાજ્યોના હિતોનું રક્ષણ કરવાની માગ કરી રહ્યા છે. બીજી તરફ **DMK, NCP** (શરદ પવાર જૂથ) અને **YSRCP** જેવા પક્ષો પણ રાજ્યવાર પ્રતિનિધિત્વની સુરક્ષા અંગે સ્પષ્ટતા અને કાયદાકીય ખાતરીની માગ કરી શકે છે.

પરિસીમન અને મહિલા અનામતને જોડતો પ્રસ્તાવ સંસદમાં રજૂ થાય તો તેના પર રાજકીય અને બંધારણીય સ્તરે મહત્વપૂર્ણ ચર્ચા થવાની શક્યતા છે. બિલ પસાર થાય તો લોકસભાની બેઠકોની સંખ્યા, મતવિસ્તારોની રચના અને મહિલાઓના રાજકીય પ્રતિનિધિત્વમાં મોટો ફેરફાર થઈ શકે છે. જોકે, અંતિમ નિર્ણય સંસદની મંજૂરી અને ત્યારબાદની કાયદાકીય પ્રક્રિયા પર નિર્ભર રહેશે.

જયદેવ ઉનડકટે રચ્યો ટી-૨૦ વર્લ્ડ રેકોર્ડ

જયદેવ ઉનડકટે ૧૧મા ક્રમે ૪૦ રન ફટકારી બનાવ્યો વિશ્વવિક્રમ

તમિલનાડુ સામે ૨૬ બોલમાં ૪૦ રનની અણનમ લડત; ઇંગ્લેન્ડના ડેની બ્રિગ્સનો ૬ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

ઈન્દોર, તા.૨૭

ભારતીય ઝડપી બોલર અને સૌરાષ્ટ્રના અનુભવી ખેલાડી જયદેવ ઉનડકટે પોતાની બોલિંગને બદલે બેટિંગથી ટી-૨૦ ક્રિકેટના ઇતિહાસમાં એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તમિલનાડુ સામે રમાયેલી મેચમાં ૧૧મા ક્રમે બેટિંગ કરવા ઉતરેલા ઉનડકટે ૨૬ બોલમાં ૪૦૨ન બનાવીને પુરુષોના ટી-૨૦ ક્રિકેટમાં ૧૧મા નંબરના બેટ્સમેન તરીકે સૌથી મોટી ઈનિંગ્સ રમવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

અગાઉ પુરુષોના ટી-૨૦ ક્રિકેટમાં ૧૧મા ક્રમે સૌથી વધુ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ ઇંગ્લેન્ડના ડેની બ્રિગ્સના નામે હતો, જેણે બિગ બેશ લીગ (૨૦૨૦)માં એડિલેડ સ્ટ્રાઇકર્સ તરફથી રમતા ૧૮ બોલમાં ૩૫ રન બનાવ્યા હતા. ભારતીય ક્રિકેટરોની વાત કરીએ તો, આ રેકોર્ડ અગાઉ મુનાફ પટેલ (**IPL 2009**માં ૨૩૨ન) તેમજ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સંયુક્ત રીતે પંકજ જસ્વાલ અને પ્રશાંત સોલંકી (૨૩-૨૩ રન)ના નામે હતો.

ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં તમિલનાડુએ પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૯૨ રન બનાવ્યા હતા. ૧૯૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સૌરાષ્ટ્રની ટીમે માત્ર ૯૨ રનના સ્કોર પર ૯ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ ૧૧મા ક્રમે આવેલા જયદેવ ઉનડકટે ચેતન સાકરિયા સાથે મળીને ૧૦મી વિકેટ માટે ૬૨ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. જોકે, સૌરાષ્ટ્રની ટીમ ૧૬.૪ ઓવરમાં ૧૫૪ રનમાં ઓલઆઉટ થઈ જતાં ૩૮ રનથી મેચ હારી ગઈ હતી.

ટુર્નામેન્ટની શરૂઆતમાં સતત ચાર જીત બાદ સૌરાષ્ટ્રનો આ સતત ત્રીજો પરાજય છે.

T20 ક્રિકેટમાં ૧૧મા ક્રમે સૌથી મોટી ઈનિંગ્સ

જયદેવ ઉનડકટ (સૌરાષ્ટ્ર): ૪૦ રન (૨૬ બોલ) - ૨૦૨૬

ડેની બ્રિગ્સ (એડિલેડ સ્ટ્રાઇકર્સ): ૩૫ રન (૧૮ બોલ) - ૨૦૨૦

ડોમિનિક ડ્રેક્સ (સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ પેટ્રિયટ્સ): ૩૪ રન (૧૪ બોલ)

પ્રથમ દિવસના અંતે સ્કોર ૨૪૬/૫

૧૧૦ રને ૪ વિકેટ ગુમાવ્યા બાદ ન્યૂઝીલેન્ડની શાનદાર વાપસી

ન્યૂઝીલેન્ડના બ્લંડેલ અને ફિલિપ્સની અણનમ ભાગીદારીએ ભારતની મુશ્કેલી વધારી, આકાશ દીપને બે વિકેટ

ક્રાઇસ્ટચર્ચ, તા.૨૭

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે બંને ટીમો વચ્ચે રસાકસીભર્યો મુકાબલો જોવા મળ્યો હતો. ટોસ જીતીને ભારતીય કેપ્ટન શુભમન ગિલે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, શરૂઆતમાં અપેક્ષા મુજબ ભારતીય બોલરોને પિચનો ખાસ ફાયદો મળ્યો નહોતો. દિવસના અંતે ન્યૂઝીલેન્ડે પાંચ વિકેટના નુકસાન પર ૨૪૬ રન બનાવી મજબૂત સ્થિતિ મેળવી હતી.

ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમે ૫૯ રનની અડધી સદી નોંધાવી હતી. ડેવોન કોનવે ૩૧ રન બનાવી આઉટ થયો હતો. લંચ પહેલાં ભારતને પ્રથમ સફળતા ગુરનૂર બ્રારના રૂપમાં મળી હતી. ત્યારબાદ ભારતીય બોલરોએ બીજા સેશનમાં શાનદાર પ્રદર્શન કરતાં ન્યૂઝીલેન્ડની ચાર વિકેટ ૧૧૦ રનમાં ઝડપી લીધી હતી.

હેનરી નિકોલ્સ ૧૬ રન બનાવી આઉટ થયો હતો, જ્યારે રચિન રવીન્દ્ર પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહોતો. એક સમયે ન્યૂઝીલેન્ડની ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

જોકે, ત્યારબાદ ટોમ બ્લંડેલ અને ડેરિલ મિચેલે ઈનિંગ્સ સંભાળી હતી. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે ૭૪ રનની ભાગીદારી થઈ હતી. મિચેલ ૩૧ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ બ્લંડેલે ગ્લેન ફિલિપ્સ સાથે મળીને ભારતીય બોલરો સામે મક્કમતાથી બેટિંગ કરી હતી. બ્લંડેલ ૫૩ અને ફિલિપ્સ ૩૬ રન બનાવી અણનમ રહ્યા હતા. બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૬૨ રનની અણનમ ભાગીદારી થઈ હતી. જેના કારણે દિવસના અંતે ન્યૂઝીલેન્ડનો સ્કોર ૨૪૬/૫ થયો હતો.

ભારત તરફથી આકાશ દીપે બે વિકેટ ઝડપી હતી, જ્યારે અંશુલ કંબોજ, ગુરનૂર બ્રાર અને વોશિંગ્ટન સુંદરે એક-એક વિકેટ મેળવી હતી. બીજી તરફ અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ૧૯ ઓવરમાં ૩૭ રન આપવા છતાં એક પણ વિકેટ મેળવી શક્યો નહોતો.

બીજા દિવસે ભારતીય બોલરો વહેલી તકે વિકેટ મેળવી ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સને સમેટવાનો પ્રયાસ કરશે. પ્રથમ દિવસે ૧૧૦/૪ની મજબૂત સ્થિતિ મેળવ્યા બાદ પણ ભારત ન્યૂઝીલેન્ડને ઓછા સ્કોરે રોકવામાં નિષ્ફળ રહ્યું હતું.

લોકસભાની બેઠકોમાં ૫૦% નો વધારો થશે

પરિસીમન અને મહિલા અનામત બિલને કેન્દ્રીય કેબિનેટની લીલી ઝંડી

મહિલા અનામત સાથે જોડાયેલા સંશોધનને પણ મંજૂરી મળી છે : ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી બોલાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૭

મોદી સરકારની કેબિનેટની બેઠક પૂરી થઈ ગઈ છે. આ બેઠક આશરે ૪૦ મિનિટ સુધી ચાલી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સંસદની આગામી કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન બેઠકમાં સીમાંકન બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અનામત સાથે જોડાયેલા સંશોધનને પણ મંજૂરી આપવામાં આવી હતી. આગામી ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી બોલાવવામાં આવી છે.

સીમાંકન બિલને લઈને ફરી એકવાર રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે જરૂરી સંખ્યાબળ એકત્ર કરી લીધું છે. ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી થશે. ૩ ડિસેમ્બરે સત્રનું સમાપન થશે. એટલે કે સરકારે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે અને જરૂરી સંખ્યાબળ એકત્ર કર્યા બાદ લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના સભાપતિને સત્ર બોલાવવાની વિનંતી કરી છે. બીજી તરફ, વિપક્ષ સરકારના આ પગલાને ગેરબંધારણીય ગણાવી રહ્યો છે. વિપક્ષનું કહેવું છે કે ન તો તેમને આ અંગે જાણ કરવામાં આવી, ન તો બિલની કોઈ નકલ વહેંચવામાં આવી અને માત્ર ૪ દિવસની નોટિસ પર સત્ર બોલાવી લેવામાં આવ્યું છે. દરમિયાન, વિપક્ષી છાવણીની ઘણી પાર્ટીઓનો વલણ બદલાઈ ચૂક્યો છે. **NCP** (શરદ પવાર)ના ૮ સાંસદ બિલના સમર્થનમાં મતદાન કરી શકે છે. આ ઉપરાંત, **DMK** પણ સરકારની સાથે આવી ગઈ છે. તેના ૨૨ સાંસદ છે. એટલે સ્પષ્ટ છે કે સરકારે જરૂરી સંખ્યાબળ એકત્ર કરી લીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર પાસે આશરે ૩૫૫ સાંસદોનું સમર્થન છે. આવી સ્થિતિમાં બિલ પસાર કરવામાં કોઈ અડચણ દેખાતી નથી. આ દરમિયાન, તમામ વિપક્ષી પાર્ટીઓ સરકારના આ પગલાને ગેરબંધારણીય ગણાવી રહી છે. અખિલેશ યાદવનું કહેવું છે કે સીમાંકન ભાજપની સૌથી મોટી ભૂલ સાબિત થશે.

કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ પણ સરકાર પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે આ બિલ ભારતની આત્મા પર હુમલો છે. સરકારના તમામ પેંતરા નિષ્ફળ જશે. ૨૦૨૯માં જનતા સરકારને કચડી નાખશે. બીજી તરફ, આમ આદમી પાર્ટીએ પણ સીમાંકન બિલ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સંજય સિંહે કહ્યું છે કે અમે કોઈપણ સંજોગોમાં આ બિલનો વિરોધ કરીશું. હિન્દી ભાષી વિસ્તારોમાં બેઠકો વધારવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, જેથી ભાજપ આગામી ૧૦૦-૫૦ વર્ષ સુધી સત્તામાં બની રહે. તેનાથી વિપરીત, ઈલ્હ્રના સાંસદ સુરેન્દ્ર યાદવે સીમાંકનનું સમર્થન કર્યું છે. તેમણે કહ્યું છે કે જો લોકસભાની બેઠકો વધશે તો અમે તેના પક્ષમાં છીએ. એપ્રિલ મહિનામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતીના અભાવે આ બિલ પસાર થઈ શક્યું નહોતું. હાલમાં ૫૪૩ સભ્યોની લોકસભામાં ૩ બેઠકો ખાલી હોવાથી ગૃહનું સંખ્યાબળ ૫૪૦ છે, જે મુજબ બિલ પસાર કરાવવા સરકારને ઓછામાં ઓછા ૩૬૦ મતોની જરૂર પડશે.

સત્તાધારી એનડીએ (**NDA**) પાસે હાલમાં આશરે ૩૨૦ સાંસદોનું સંખ્યાબળ છે, તેથી સરકારને અન્ય પક્ષોના સમર્થનની આવશ્યકતા રહેશે. વર્તમાન રાજકીય સમીકરણો મુજબ ટીએમસી (**TMC**)ના ૨૦ બળવાખોર સાંસદો તેમજ શિવસેના (**UBT**)માંથી એકનાથ શિંદે જૂથમાં સામેલ થયેલા ૬ સાંસદો સરકારને ટેકો આપી શકે છે. આ ઉપરાંત, ૨૨ સાંસદો ધરાવતા ડીએમકે (**DMK**)ના વલણ પર પણ સૌની નજર રહેલી છે. આ બિલને લઈને રાજકીય પક્ષોમાં સમર્થન અને વિરોધના સૂર જોવા મળી રહ્યા છે. કોંગ્રેસે તેને બંધારણ પર હુમલો ગણાવ્યો છે, જ્યારે સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટીએ તેનો વિરોધ કર્યો છે. બીજી તરફ **DMK** અને **BRS** એ કેટલીક શરતો સાથે સમર્થનના સંકેત આપ્યા છે, જ્યારે **RJD** ના સાંસદ ડૉ. સુરેન્દ્ર પ્રસાદ યાદવે વધતી વસ્તીને ધ્યાનમાં રાખી સીમાંકનને જરૂરી ગણાવી સમર્થન આપ્યું છે.

સંસદના વિશેષ સત્રને ધ્યાનમાં રાખીને રાજકીય હિલચાલ તેજ બની છે. શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યે **INDIA** ગઠબંધનના નેતાઓની બેઠક મળશે, તો શિવસેનાના લોકસભા અને રાજ્યસભાના સાંસદોની બેઠક ૨૮ નવેમ્બરે મુંબઈમાં યોજાશે અને પક્ષ દ્વારા વ્હિપ પણ જારી કરાયો છે. ભાજપ પણ લોકસભા સાંસદો માટે ૩૦ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી ગૃહમાં હાજર રહેવા ત્રણ લાઈનનો વ્હિપ જારી કરવાની તૈયારીમાં છે, જ્યારે કેબિનેટ બેઠક બાદ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દિલ્હીમાં **NDA** ના સહયોગી નેતાઓને મળવા રવાના થયા છે.

ગુજરાતમાં ઠંડીનો ચમકારો યથાવત

નલિયા ૧૧.૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

ગુજરાતમાં ઠંડીનો ચમકારો : આગામી સાત દિવસ સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જોકે આગામી સાત દિવસ સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે અને ઠંડીનું પ્રમાણ પણ લગભગ યથાવત રહેશે. અમદાવાદમાં આગામી બે દિવસ લઘુતમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

બીજી તરફ ૧૧.૫ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો અમરેલી અને ડીસામાં ૧૪.૮ ડિગ્રી, વડોદરામાં ૧૫.૮ ડિગ્રી, ભુજમાં ૧૭.૪ ડિગ્રી, અમદાવાદમાં ૧૬.૭ ડિગ્રી અને ભાવનગરમાં ૧૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હાલ અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવા છતાં રાજ્યના હવામાન પર તેની મોટી અસર થવાની શક્યતા નથી. એટલે આગામી એક સપ્તાહ સુધી ઠંડીમાં મોટા ઉતાર-ચઢાવ વગર વાતાવરણ સૂકું રહેવાની આગાહી છે. વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જોકે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે અને ઠંડીનું પ્રમાણ પણ લગભગ યથાવત રહેવાની સંભાવના છે.

રાજ્યમાં લઘુતમ તાપમાનમાં નલિયા સૌથી ઠંડું રહ્યું છે. અહીં ૧૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે અમરેલી અને ડીસામાં ૧૪.૮ ડિગ્રી, વડોદરામાં ૧૫.૮ ડિગ્રી, અમદાવાદમાં ૧૬.૭ ડિગ્રી, ભુજમાં ૧૭.૪ ડિગ્રી અને ભાવનગરમાં ૧૮.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

અમદાવાદમાં આગામી બે દિવસ દરમિયાન લઘુતમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. એટલે શહેરમાં ઠંડીનું પ્રમાણ હાલના સ્તરે જળવાઈ રહેવાની શક્યતા છે. તાપમાનમાં મોટો ઘટાડો કે વધારો થવાના સંકેત નથી. હાલ અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. જોકે આ બંને હવામાન પ્રણાલીઓની ગુજરાતના વાતાવરણ પર કોઈ મોટી અસર થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી નથી. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. ઠંડીમાં પણ મોટા ઉતાર-ચઢાણ જોવા મળે તેવી શક્યતા નથી. આમ ગુજરાતમાં હાલ જે ઠંડીનો માહોલ જોવા મળી રહ્યો છે તે આગામી સાત દિવસ સુધી યથાવત રહેવાની સંભાવના છે.

દીપમ વિવાદમાં સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

શનિવારે વિવાદિત સ્તંભ પર પ્રગટાવાશે દીપ

મંદિરના ટ્રસ્ટી મંડળને સસ્પેન્ડ કર્યું, વહીવટ બે નિવૃત્ત ન્યાયાધીશોને સોંપાયો; મંદિર અને પહાડીની સુરક્ષા CRPFને હવાલે

નવી દિલ્હી, તા.૨૭

તમિલનાડુના તિરુપારનકુંડ્રમ પહાડી પર કાર્તિકાઈ દીપમ પ્રગટાવવાના વિવાદમાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે આદેશ આપ્યો છે કે શનિવારે વિવાદિત દીપથૂન સ્તંભ પર પરંપરાગત રીતે દીપ પ્રગટાવવામાં આવે. આ સાથે જ કોર્ટે અરુલમિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરના ટ્રસ્ટી મંડળને સસ્પેન્ડ કરી મંદિરના વહીવટની જવાબદારી મદ્રાસ હાઈકોર્ટના બે નિવૃત્ત ન્યાયાધીશોને સોંપી છે. મંદિર અને તિરુપારનકુંડ્રમ પહાડીની સુરક્ષાની જવાબદારી પણ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (**CRPF**)ને સોંપવામાં આવી છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ આદેશ આપ્યો હતો. અગાઉ સુપ્રીમ કોર્ટે ૨૪ નવેમ્બરે વચગાળાના આદેશમાં દીપથૂન સ્તંભ પર કાર્તિકાઈ દીપમ પ્રગટાવવાની મંજૂરી આપી હતી. જોકે, આ આદેશનું યોગ્ય રીતે પાલન થયું ન હોવાનું સામે આવતાં કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી.

સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશ છતાં દીપથૂન સ્તંભને બદલે ઉચી પિલ્લૈયાર મંદિર પાસે આવેલા દીપ મંડપમમાં દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને કોર્ટે હવે શનિવારે વિવાદિત સ્તંભ પર પરંપરાગત રીતે દીપ પ્રગટાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. આ માટે દીપ મંડપમમાં પ્રગટાવવામાં આવેલી જ્યોતનો ઉપયોગ કરવાનો રહેશે. કોર્ટે અરુલમિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરના વર્તમાન ટ્રસ્ટી મંડળને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. મંદિરના વહીવટ માટે મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશો જસ્ટિસ એસ. વૈદ્યનાથન અને જસ્ટિસ વી. પાર્થિબનને રિસીવર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મંદિર અને પહાડી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે **CRPF**ને સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે અગાઉના આદેશનું પાલન ન કરવા બદલ તમિલનાડુના મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક (**DGP**), મદુરાઈના કલેક્ટર સહિતના અધિકારીઓને કન્ટેમ્પ્ટ નોટિસ ફટકારી છે. કોર્ટે મુખ્ય સચિવને વ્યક્તિગત રીતે હાજર રહેવા અને આ સમગ્ર મામલે અધિકારીઓ વચ્ચે થયેલા ઈમેઈલ, ફોન કોલ્સ તથા મેસેજની વિગતો સાથે સોગંદનામું રજૂ કરવા પણ નિર્દેશ આપ્યો છે.

બેન્ચે કડક ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે કોર્ટના આદેશોનું જાણીજોઈને ઉલ્લંઘન કરવું, ખાસ કરીને સરકારી અધિકારીઓ દ્વારા કરવામાં આવતી અવગણના, સહન કરી શકાય નહીં. પ્રથમ દૃષ્ટિએ એવું જણાય છે કે વહીવટી અધિકારીઓએ રાજકીય નેતાઓના આદેશ પર કામ કર્યું છે. ન્યાયિક પ્રક્રિયાને નબળી પાડવાના પ્રયાસો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ કોર્ટે આપી છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે શનિવારે દીપથૂન સ્તંભ પર દીપ પ્રગટાવવાની કાર્યવાહી અને સુરક્ષા વ્યવસ્થા પર સૌની નજર રહેશે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે કહ્યું

ભારતની અર્થવ્યવસ્થા ૩૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય

નવી દિલ્હી, તા.૨૭

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ અને વેપાર ક્ષેત્રના પડકારો વચ્ચે પણ ભારતની અર્થવ્યવસ્થા મજબૂત ગતિએ આગળ વધી રહી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આગામી બે દાયકામાં ભારતની અર્થવ્યવસ્થા ૩૦ ટ્રિલિયન ડોલરના સ્તરે પહોંચી શકે છે. સરકારનું લક્ષ્ય વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાનું છે.

નવી દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ડેટ એન્ડ કેપિટલ માર્કેટ સમિટ ૨૦૨૬ને સંબોધતાં ગોયલે જણાવ્યું હતું કે ભારતે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ આર્થિક સ્થિતિસ્થાપકતા જાળવી રાખી છે. વેપાર, ઉત્પાદન, રોકાણ, નિકાસ અને માળખાગત સુવિધાઓના વિકાસને કારણે ભારત વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષક સ્થળ બની રહ્યું છે.

પીયૂષ ગોયલના જણાવ્યા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતે ૭.૮ ટકાનો આર્થિક વિકાસ નોંધાવ્યો છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન એટલે કે સ્થિર મૂડીરોકાણમાં પણ આશરે ૧૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત ધિરાણ વૃદ્ધિ લગભગ ૧૯ ટકા સુધી પહોંચી હોવાનું ત

જિલ્લાનાં ૧,૩૯૫ મતદાન મથકો પર ખાસ મતદાર નોંધણી ઝુંબેશ કરાશે

અમરેલી જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

જિલ્લા ચૂંટણી અધિકારી વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષસ્થાને મતદારયાદી સંદર્ભે બેઠક યોજાઈ

૨૯ નવેમ્બર, ૬ અને ૧૩ ડિસેમ્બરનાં રોજ ખાસ મતદાર નોંધણી ઝુંબેશ યોજાશે

જે-તે મતદાન મથકો ઉપર BLO ઉપસ્થિત રહીને માર્ગદર્શન અને મદદ કરશે

બેઠકમાં માન્ય રાજકીય પક્ષોનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૭

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૭ જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે આજરોજ અમરેલી જિલ્લામાં તા. ૨૭/૧૧/૨૦૨૬ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી હતી.

આ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી –વ– જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને મુસદ્દા મતદારયાદીની નકલ આપવામાં આવી હતી. તેમજ હક્ક–દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા તથા ખાસ ઝુંબેશના દિવસો બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

જિલ્લાના તમામ નાગરિકોને પોતાનું નામ મુસદ્દા મતદારયાદીમાં ચકાસી લેવા અનુરોધ કરવામાં આવે છે. તા. ૨૭/૧૧/૨૦૨૬ (શુક્રવાર) થી તા. ૨૬/૧૨/૨૦૨૬ (શનિવાર) સુધીના હક્ક–દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા દરમિયાન તા. ૦૧/૦૧/.૨૦૨૭ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે, તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે.

આગામી તા. ૨૯/૧૧/૨૦૨૬ (રવિવાર), તા. ૦૬/૧૨/૨૦૨૬ (રવિવાર) તેમજ તા. ૧૩/૧૨/૨૦૨૬ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસો હોવાથી જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ (બીએલઓ) સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૦૫.૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા અને કમી માટેના ફોર્મ્સ સ્વીકારશે. જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરિકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી–વ–કલેકટર,અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે.

વધુ માહિતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી) ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સહિત અમરેલી જિલ્લાના પ્રાંત અધિકારી સર્વ ઉપસ્થિત રહ્યા હતા.

























।। આત્મા અને જીવનના કલ્યાણની માસ્ટરી કી છે સમજણ ।।

પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ (કાચા સાહેબ)

વડીલો કહે છે, 'હસોળે સાન અને વીસે ભાન આવે તો આવે નહિતર કયારેય ન આવે. અહિ. ''સાન'' અને ''ભાન'' શબ્દો મહત્વનાં છે. એનો સાદો અર્થ છે. "સમજણ" જીવનમાં બધુ જ હોય પણ એક માત્ર સમજણ ન હોય તો બધુ નકામું છે. લંકાપતિ શકિતશાળી રાવણ પાસે શાની ખોટ હતી? પણ એક સમજણના અભાવે મરણને શરણ પામ્યો. કેસનું પણ એવું છે. એમ પણ કહી શકાય, દેવ, દાનવ, મનુષ્યના કેટલાંય ઉદાહરણ, દાખલાં છે કે જેમને સમજણ વિના ઘણું ઘણું વેઠવું પડયું, શાપ મ પામ્યા.

બીજુ મિત્રો, સમજણ, શરદ જુઓ, એમાં એકપણ કાનોમાત્ર નથી. કોઈ ભાષાકીય શોભા નથી. છતાં જીવનો ઉપયોગી છે. આપણા જીવાતા જીવનમાં એક કરતા વધુ વખત સાંભળ્યું હશે ને આપણે બીજાને કહયું પણ હશે.''ભાઈ સમજવાથી કામ લ્યો, આવો વ્યવહાર શોભતો નથી. શકિતશાળી સિંહ કે હાથીની શકિત સમાન કોઈપણ વ્યકિત, રાજા, મહારાજાનાં ક્રોધને, અહમને કારણે અને સમજણને અભાવે તેનો વિનાશ થયાનું પણ આપણે જાણીએ છીએ..

એમ પણ કહી શકાય, સાવ સાદી સમજણ એટલે જીવનને કોઈ પણ પ્રકારના દેખાડા, અહંકાર કે બિનજરૂરી જટિલ ગણતરીઓ વિના તેની સહજતામાં સ્વીકારવાની આંતરિક પરિપકવતા. સાવ સરળ ભાષામાં કહી શકાય કે સમજણ એટલે આપણો વિવેક. એજ સમજણ કે વિવેક આપણને – મનુષ્યને ''લોકો શું કહેશે કે બાહ્ય પરિસ્થિતિના ડરથી અને પ્રભાવમાંથી મુકત કરે તે સમજણ–વિવેક.''

આપણા કે જગતનાં તમામ ધર્મોમાં, ધર્મગ્રંથોમાં પણ એજ વાત કહી છે, હજારો વર્ષોનાં તપ પછી પ્રસન્ન થયેલ પ્રભુ પાસે માંગે છે. હું કોઈથી કશાથી ન મરૂ, આ માંગવામાં જો વિવેક ન હોય તો એ વરદાન જ અભિશાપ બનીને રહે છે. માટે એવી રાક્ષસી માનસિકતા આપણો વિનાશ નોતરે છે. એટલે આપણા મન પર વિવેકરૂપી બંધન મુકી જીવનને સુંદર બનાવવાનું છે. તન, મનની શુધ્ધિ વિના વિવેક કે સમજણ સાવ નકામાં છે.

મૂળે તો માણસ પોતાના ભૂતકાળ કે વર્તમાન પરિસ્થિતિનો નિખાલસ સ્વીકાર કરીએ અને દરેક પળ ને, સમયને, ક્ષણને સાવ સહજતાથી જીવન જીવીએ. તો જ જીવનમાં શાંતિ અને મીઠાશથી સભર બનશે.

આપણે એ સમજી લેવું જોઈએ કે આપણા જીવનની વાસ્તવિકતાએ ગુલાબની એજ પર સુવાની નથી. એતો અપેક્ષા વિનાનાં આંચકા, સંઘર્ષોથી સભર છે. એમાંથી સમજણ કે વિવેક જ પાર ઉતારી શકે.

આવી સહજતા પ્રાપ્ત કરવી એટલી સરળ નથી. એને માટે તો આપણે આપણા સ્વભાવમાં પડેલા સંગ્રહ કરવાની, સત્તા પ્રાપ્ત કરવાની, ક્રોધ પર નિયંત્રણ રાખવાની વાત છે. જે આપણાં જીવનતા શત્રુઓ છે. આવી સાદીસિધિ વાત આપણા તમામ ધર્મો કહે છે. સમજાવે છે. વારંવાર આપણા ઈશાવાસ્યોપનિષદમાં સુત્રાત્મક એક વાકય છે. એને જીવન લેવાથી, એને અપનાવી લેવાથી જીવન ધન્ય બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એ સૂત્ર છે. તેને મુખ્યીયો માં ગૃહ : વસ્યાસ્વિદ્રનમ્ । અર્થાત ત્યાગીને ભોગવી જાણો એવો સીધો અર્થ છે. દરેક ક્ષણ, પળ , વસ્તુ, વૈભવ, શકિત બધુ જ છુટી જવાનું છે. એ સનાતન સત્ય સ્વીકારીને જીવને માણવાનું છે. પણ આ વાત કપરી, લાગે છે. કારણ કે છોડવું અતિ કઠીન છે.

સાવ સાદું ઉદાહરણ લઈએ. કોઈ પ્રસંગમાં, પાર્ટીમાં જમવામાં અસંખ્ય સ્વાદિ/ટ વ્યંતનો હોય છે. તે તમામને આપણે આપણા ઉદરમાં પધરાવીએ છીએ પછી પરિણામ શું આવે છે ? પણ દરેક વ્યજનો ભાવથી, શીતથી ગ્રહણ કરવાનો છે. તો તેમાંથી આનંદ અને સંતોષ પ્રાપ્ત થશે. આજે જ તો સમજણ–વિવેક કહે છે.

જગતનાં તમા સુખો, તો વહેતી નદી. સરિતા જેવાં છે. એને એજસિ, કે ખોલો ભરી પીવાય, પણ જો મુડીમાં ભરવાનો પ્રયત્ન કરીશું તો તે આંગળીઓ વારે વહી જશે. ને આપણી પાસે કશું જ હિ રહે. આવા વૈભવો શું કામના ? માટે સંગ્રહ કરવાની જીદ, આકાક્ષા પીડા જ આપે છે. જો એને છોડીશું તો જીવનને અમૃતમય બનાવશે. એટલે જ અને જૈન શાસ્ત્રમાં અપરિગ્રહ શબ્દને વધુ મહત્વ આપવામાં આવેલ છે. સંસાર તો કંટાળીવળ ુ જેવું છે. એમાં પસાર થતી વખતે આપણાં વસ્ત્રો કાંટાળા અટકે નહિ, ફસાય નહિ એટલા માટે જો વસ્ત્રો સંમેરીને કે સાચવીને ચાલીશું તો સુરક્ષિત બહાર નીકળીશું એમજ આપણા વયવહારો ઈચ્છાઓ પેલા કાંટાના જાળ જેવું છે. એમાં વિવેકથી સાચવીને સાલવાની વાત છે. આવણી જરૂરિયાતોને સીમિત રાખવાનું શીખવાનું છે.

બૌદ્ધિ ધર્મ પણ કહે છે. જીવનમાં મધ્યમ માર્ગ અપનાવો. વીણાનાંત ।૨ સાવ ઢીલા કે સખત તાલાવાળામાંથી સંમીત નિ/પન્ન થતું નથી. મધ્યમ હાર જ સુંદર સંમીત વહે છ ે . ત ત વ જ્ઞ । ન ી ડાયોજીનિસને વિશ્વવિજેતા સિકંદર કહે છે. હું તને જે માંગે ને આપણા તૈયાર છું. બોલ તારે શું જોઈએ છે ? ત્યારે ડાયોજીનિશ કહે છે. મારે તારી પાસેથી કશું જ જોઈતું નથી. તું એક બાજુ ખસી જા એટલે તડકો મારા પર પડે.

અંતમાં એટલું જ, જીવન વિષ્મતાઓથી, સંઘર્ષોથી અતિપ્ત નથી. પણ તેને નિયંત્રણમાં રાખવાથી અંતરમાં અદ્‌ભૂત, અખંડ મીઠાશ, શાંતિ પ્રગટશે જે જીવન અમૃતમય બની જશે.... **અસ્તુ.**



બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

વાર્તા – ચાર ઉદરડીઓ...

ચાર ઉંદરડીઓ ચાર હતી ઉદરડીઓ. ચારે બેનપણી. એક રહે ઘંટીમાં, એક રહે હાટમાં, એક રહે વાટમાં ને એક રહે ખેતરમાં. એક વાર એક કણબી ગાડું લઈને ખેતરે જતો હતો. વાટે જતાં વાટમાં રહેનારી ઉંદરડી કચરાઈ ગઈ. કચરાઈને એતો પૈડા સાથે ચોંટી ગઈ. ગાડું તો ખેતરે ગયું. કણબી ગાડામાં પૂળા ખડકે છે ત્યાં ખેતરવાળી



એ વાત તને કોણે !''? ' વાણિયો ને



ઉંદરડીએ પૈડા સાથે ચોંટી ગયેલી ઉંદરડીને દેખી. એણે તો કણબી સાથે સંદેશો દીધો : ભાઈ ઊભાવાળિયા, ભાઈ પૂળાવાળિયા ! હાટુડીને કહેજે કે વાટુડી મરી ગઈ. કણબી કહે : માળું ! કોણ બોલ્યું ? અહીં તો કોઈ માનવી નથી. ત્યાં તો ઉંદરડી ફરી બોલી : ભાઈ ઊભાવાળિયા, ભાઈ પૂળાવાળિયા ! હાટુડીને કહેજે કે વાટુડી મરી ગઈ. કણબીએ તો ચારે તરફ જોયું. ફરી–ફરીને જોયું પણ કોઈ દેખાયું નહિ. કણબી તો નાહકનો બી ગ્યો ને ગાડું ને પૂળા મૂકીને ભાગ્યો. ઘેર આવીને વાણિયાને હાટે તેલ લેવા ગયો. એ જ હાટમાં પેલી ઉંદરડી રહે. તેલ લેતાં લેતાં કણબી કહે : શેઠ ! આજે તો ભારે લહ ! 'શેઠ કહે : શું વળી ? કણબી કહે : પૂળા લેતો હતો ત્યાં કોઈક ખેતરમાં બોલ્યું : ભાઈ ઊભાવાળિયા, ભાઈ પૂળાવાળિયા ! હાટુડીને કહેજે કે વાટુડી મરી ગઈ. પેલી હાટુડી તો દરમાં બેઠી બેઠી આ વાત સાંભળતી હતી. દરમાંથી જ એણે પૂછયું : એલા !

પૂળા ભરતો હતો ત્યાં તો કો'ક બોલ્યું : ભાઈ ઊભાવાળિયા, ભાઈ પૂળાવાળિયા ! હાટુડીને કહેજે કે વાટુડી મરી ગઈ. હું તો એવો બી ગ્યો કે ગાડું મૂકીને ભાગ્યો ! આ તેલ લેવા ગયો હતો ત્યાંય એવું થયું. વાણિયાને વાત કરતો હતો કે ખેતરમાં કો'ક આમઆમ બોલ્યું ને હું તો બીઈને ભાગ્યો. ત્યાં તો વળી કો'ક હાટમાંથી બોલ્યું : એલા ! એ વાત તને કોણે કીધી ?' હાટમાં તો કોઈ નો'તું ! અમે તો ભાગ્યા જરૂર કો'ક વાંસે પડયું લાગે છે ! ત્યાં તો ઘંટુડી ઘંટીમાંથી સાવરણીને સૂંથિયુ માથે મૂકીને બહાર આવી ને ફળી વચ્ચે બેસીને બોલી : ભાઈ ! તને એ



કોણ બોલ્યું ? ત્યાં તો હાટુડીએ ફરી વાર પુછયું : ''એલા ! એ વાત તને કોણ કીધી ?'' કણબી કહે : ભાગો ભાગો, શેઠ ! આ હાટમાં કાંઈક લાગે છે. ત્યાં તો શેઠ અને કણબી બેઉ હાટ મૂકીને નાઠા. કણબી ઘેર જઈને કણબણને વાત કરવા લાગ્યો : સાંભળ્યું કે ? આજે તો માળું એક કેતક થયું. ખેતરમાં ગાડું છોડી હું

ખેડૂત કહે : 'માળું ! આ કોણ બોલ્યું ? ત્યાં તો હાટુડીએ ફરી વાર પૂછયું : એલા ! એ વાત તને કોણે કીધી વાણિયો ને ખેડૂત કહે : માળુ ! આ સંદેશો કોણે દીધો ? અરર ! મારી વાટુબેન મરી ગઈ, ને ખેતરની બેને હાટુડીને ઘંટુડીને સંદેશા મોકલ્યા ? હાય હાય ગજબ થયો ! કણબી કહે : ઓયવોય ! આ તો ખેતરમાં ઉંદરડી બોલતી હતી ! અરેરે, હું તો નાહકનો બી ગ્યો. કણબણ કહે : તમે તો એવા જ છો; ઉંદરડીથી એ બીઓ !

જ્ઞાન ઝરણાં

પૂ.પા.શ્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

૪૧૦–મનમાં જયા સુધી જડ પદાર્થ કે બીજા જીવ આવે છે ત્યા સુધી પરમાત્મા ત્યાં આવતા નથી. બહુ ભટકનારનાં મન અને બુદ્ધિ બહુ ભટકે છે.

૪૧૧–જે દિવસે ઘરમાં ખટપટ થાય તે દિવસે ઘર છોડવું નહીં. ઘર છોડે તો તે બહાર સુખી થઈ શકતો નથી.

૪૧૨–મનમાં વિકાર ઉત્પન્ન કરે તેવું કોઈ ચિત્ર ઘરમાં રાખવું નહીં. તે ચિત્ર પછી મનમાં આવશે અને કૃષ્ણ ભજનમાં વિઘ્ન કરશે.

૪૧૩–બહુ સરળ થઈએ તો જગતમાં લોકો દુર્બળ માને છે.

૪૧૪–શંકર ભગવનની કુપા વગર સિદ્ધિ મળતી નથી.

૪૧૫–પોતાના એકઈષ્ટદેવમાં પરિપૂર્ણ ભાવ રાખો, અને બીજા દેવોને પોતાના ઈષ્ટદેવના અંશરૂપ માની વંદન કરવા.

૪૧૬–પૃથ્વી તવ ગણેશ છે. ગણેશની ઉપાસનાથી વિઘ્નોનો નાશ થાય છે. જળતવ શિવ છે. શિવની ઉપાસના કરવાથી ધન મળે છે. તેજ તવ – માતાજી છે. માતાજીની ઉપાસનાથી ધન આવે છે. આકાશતવ – વિષ્ણુ છે. વિષ્ણુની ઉપાસના પ્રેમ આપે છે.

૪૧૭–શરીરને સાદુ રાખો, શરીર એ ભસ્મ છે. એક મૂઠી રાખ છે. માટે તેને ખોટી રીતે શણગારવાનું અને લાડ કરવાનું છોડી દો.

૪૧૮–મનુષ્ય વિવેકથી ભોગ ભોગવી અને તપશ્વર્યા પણ કરી શકે છે.

માંદા ન પડવું હોય તો આટલું કરો

આરોગ્ય વારંવાર આવતી માંદગીમાં કાળજી

આપ અથવા આપના પરિવારમાં કોઈ વારંવાર સાજુમાંદુ રહ્યા કરે છે? તો આટલી કાળજી રાખો અને માંદગીને નિવારો. જેમ કે વારંવાર આવતો તાવ, શરદી, ઉધરસ, પેટમાં બળતરા, કબજીયાત, ગસ, ઊલટી–ઉબકા, અરૂચિ, ઝાડા– અપચો, પેશાબમાં બળતરા –રસી, ચામડીમાં ખંજવાળ, ગૂમડાં, મોઢામાં ચાંદા, મુખ ઉપર ખીલ, સોજો, થાક, નબળાઈ, વારંવાર હીમોગ્લોબિન – વિટામીન / પોષકતત્વો ઘટવા, કૃમિ, માથાનો દુ:ખાવો..... વગેરે.

સામાન્ય ઉપાયો:

*સૌ પ્રથમ પાણી ઉકાળીને, ઠારીને પીવું. જેમાં બિલકુલ આળસ ન કરવી.' નબળાઈ, થાક જો અપૂરતા આહારને લીધે હોય તો પ્રથમ ઉંમર, શ્રમ મુજબ પૌષ્ટિક અને પૂરતો ખોરાક નિયમિત, ચાવીને ખાતાં રહેવું.

*નબળાઈ, થાક જો અપચો, ગસ, તાવ, મેદસ્વીતા વગેરેથી હોય તો પ્રથમ હળવા ઉપવાસ કરવા. જેમાં આમાંથી કોઈ એક પ્રયોગ કરવો. (૧) સૂંઠ, તુલસીના પાનથી ઉકાળેલું પાણી. (૨) બાફેલાં મગ/સરગવાનું પાણી. (૩) પાકેલું પપૈયું. (૪) દૂધી, હળદર, પાલક, ગાજર નું સૂપ વગેરે લેવા. કોઈ પણ સોજામાં પણ આ ઉપાય કામ લાગશે.– ભૂખ લાગે ત્યારે જમવું. ભરપેટ ન જમવું. જમ્યાં ઉપર ન જમવું. ભરપેટ જમીને તુરંત ભારે કામ કરવું નહીં. / ઝાઝું પાણી પીવું નહીં./ દોડવું નહીં. / ઊંધા પેટે સૂવું નહીં.

*અઠવાડિયે એક દિવસ નકોરડા અથવા પ્રવાહી લઈને ઉપવાસ જરૂરથી કરવો.

ઋતુ મુજબ ખાનપાનમાં કાળજી ખાસ રાખવી. ફળ, શાક વગેરે. શિયાળામાં સૂંઠ, હળદર, શેરડી, ખજૂર, તલ, દાળિયા, વસાણાં, ઘી યુકત આહાર લેવો. ઉનાળામાં લીલાં શાકભાજી, તરબૂચ, કેરી, લીંબુ શરબત, છાશ, શેરડીરસ, ટેટી, તરબૂચ ખાવા. અનાજ ઓછું લેવું. વધારે તીખો, નમકીન, તેલયુકત, વાસી, ઠંડો આહાર ન લેવો. ચોમાસામાં વેલાવાળા શાક, કઠોળ સાથે હળવો આહાર અને ઉકાળેલું પાણી પીવું.

ઋતુ મુજબ વિહારમાં પણ પૂરતી કાળજી રાખવી. શિયાળામાં ચામડીને નુકસાન ન કરે, ઠંડા પવનથી રક્ષણ આપે અને શરીરને ગરમ રાખે તેવા સ્વચ્છ વસ્ત્ર પહેરવા –ઓઢવા. તેલ માલીશ કરવું. હૂંફાળો તડકો લેવો. હૂંફાળા જળથી સ્નાન કરવું. હળવો વ્યાયામ કરવો. ઉનાળામાં સુતરાઉ વસ્ત્રો પહેરવા. બે/ત્રણ વખત સાદા પાણીથી સ્નાન કરવું. અઠવાડિયામાં એક વાર લીમડાના પાનને પાણીમાં ઉકાળી, તે પાણીથી સ્નાન કરવું. કુદરતી હવાના સંપર્કમાં રહેવું. લૂ થી રક્ષણ મેળવવું. વધારે પડતી કૃત્રિમ હવાની આદત ન પાડવી. ચોમાસામાં શરીર, વસ્ત્ર, રહેઠાણ કે કામનાં સ્થળનો ભેજ ટાળવો.

*સવારે અથવા જમ્યા પછી તુલસી/ફૂદીનાના ૨/૩ પાન ચાવવા. નાગરવેલ હોય તો તેનું એક પાન ચાવવું. અથવા અજમા– વરિયાળીનો મુખવાસ ખાવો. ૧૦/૧૫ દિવસે એક વખત ગરમ પાણીની નાસ લેવી. ગોઘૃતનું નસ્ય લેવું. બિનજરૂરી ઉજાગરા, પ્રસંગ ટાળવા. ધૂળ, ધૂમાડો, વધુ પડતાં ઘોંઘાટથી દૂર રહેવું. – કામને મનગમતું કરવું. મનગમતી પ્રવૃત્તિ કરવી.



બાલમિત્રો,

બાળમિત્રો, નવા વર્ષની હાર્દિક શુભેચ્છઓ..દિવાળીન તહેવારો ઉજવ્યાને ? ખૂબ મજા કરી, ફટાકડા ફોડયા, મીઠાઈ ખાધી, હર્યા–ફર્યા, પ્રવાસ કર્યો, હસ્તો રમ્યાં, ચિત્રો દોર્યા, વાતોઓ વાંચી કે સાંભળી, કેટકેટલું કર્યુ, મિત્રો સાથે રજાઓ માણવામાં તો આનંદ અવે જને ? તો કેટલાંક બાળમિત્રો તો કુંટુંબ સાથે દુર દુર ફરવ ગયાં હશે. જંગલોમાં, ડુંગરાઓમાં ફર્યા હશે. કેવી મજા કરી ખરૂને ? તમે જોયું હશે કે તમારા આનંદમાં ને આનંદમાં દિવાળી વેકેશન કયારે પુરૂ થઈ ગયું તેની ખબર



જ ન પડી. સુખનાં દિવસોમાં એમ જ થાય. ને હવે ટૂંક સમયમાં રજાઓ પુરી, ફરી નિશાળો શરૂ, ભણવાનું લેશન કરવાનું, ટયુશનમં જવાનું, નોટો પુરી કરવાની, શાળાની પ્રવૃતિઓમાં ભાગ લેવાનું કેટકેટલું કામ શરૂ થશે ?

પણ બાલમિત્રો, સાચુ કામ તો આપણું ભણવાનું છે હો, નહિતર મજૂરી કરવનો વરો આપશે. માટે એકાગ્રચિત્રે ભણજો... નવા વર્ષના શુભકામનાઓ.....

ગુલાબનું ફૂલ

શિયાળભાઈ ચાલાક અને જબરા. એક દિવસે તેઓ ખાસ કામ પ્રસંગે બહારગામ જવા નીકળ્યા. થોડું ચાલ્યા હશે ત્યાં જ બિલાડીબેન આડાં ઉતર્યા. તેઓ શુકન અપશુકનમાં માનતા. કોઈ છીંક ખાતું તોય તેઓ શંકાશીલ બની જતા. તેઓ બિલાડીને ટગર ટગર તાકી રહ્યા.

રસ્તામાં ઊભા રહીને શિયાળભાઈ ગુસ્સામાં બબડયા, મૂઈ આ બિલાડી જવાના સમયે કયાં આડી ઊતરી ? મારૂં કામ થશે નહીં. વળી આખો દિવસ પણ બગડશે. હવે જવામાં સાર નથી. જવાનું માંડી વાળી તેઓ પાછા વળ્યા.

સામેથી થનગન કરતા મોરભાઈ આવી રહ્યા હતા. તેમની કલગી અને રંગબેરંગી પીંછા જોઈ શિયાળભાઈ આનંદમાં આવી ગયા. તેમણે મોરભાઈને પ્રણામ કર્યા.

મોરભાઈએ હસતાં હસતાં પૂછયું, શિયાળભાઈ તમે તો બહારગામ જવા માટે નીકળ્યા હતા. આમ એકાએક પાછા કેમ વળ્યા? કેમ કશું લેવાનું ભૂલી ગયા કે પછી ? ' મોરભાઈ, બહારગામતો જવું હતું, પણ નીકળતાં જ મૂઈ બિલાડી આડી ઊતરી. મારો બધો જ ખેલ બગડી ગયો. અપશુકન થયા, એટલે પાછો વળી ગયો. હવે ફરી કોઈ વખત જઈશ. આપણે તો શુકન અપશુકનમાં માનીએ છીએ. એવામાં રીંછભાઈ આવ્યા. તેમણે પણ શિયાળભાઈને ટેકો આપ્યો.

શિયાળભાઈ, તમે તો ચતુર, ચાલાક, હોશિયાર છે. તમારી ચતુરાઈને લોકો ચોરે અને ચેટે વખાણે છે. તમે વળી શુકન અપશુકનમાં માનો છો એ જાણી મને નવાઈ લાગે છે. મારૂં માનીને તમે બહારગામ જઈ આવો. વળી તમારે તો ખાસ કામ છે. શુકન અપશુકન ખાલી મનના વહેમ છે. બિલાડીબેન જાણશે તો તેમને પણ ખોટું લાગશે. મારી સલાહ – માની ઝટ બહારગામ ' મોરભાઈએ ધીમેથી કહ્યું.

મોરભાઈ તમારી વાત સાચી છે. પણ હું એકલો માનતો નથી. માણસો બુદ્ધિશાળી છે. કેટલા આગળ



વધેલા છે. છતાં તેઓ શુકન અપશુકનમાં । પડીકું લીધું. તેઓ ડોલતા ડોલતા



માને છે. શિયાળભાઈએ કહ્યું.

શિયાળભાઈ સાચી વાત કહું ? માણસો તો મૂર્ખ છે. એ ભલે આગળ વધ્યા પણ, ઘણાં કામ અક્કલ વિનાનાં કરે છે. હું જતો હોઉં છું ત્યારે આ બિલાડીબેન રોજ આડાં ઊતરતાં હોય છે. હું કદી પરવા કરતો નથી. તેમને હું પ્રેમથી બોલાવું છું. નથી મારો દિવસ બગડતો કે નથી કોઈ તકલીફ પડતી. મારો દિવસ સારો જાય છે. બધાં કામ પણ સારી રીતે પતી જાય છે. નાસ્તા પાણી મળે છે. મોરભાઈએ વાતને સમજાવતાં આગળ કહ્યું.

શિયાળભાઈએ વિચાર્યું કે મોરભાઈની વાત સાચી છે. માણસના વાદે ચડીએ તો મૂર્ખ બનીએ. મનમાં વહેમ કાઢી નાખી તેઓ બહારગામ જવાને રસ્તે વળી ગયા. ચાલતાં ચાલતાં તેઓ ગામમાં જઈ પહોંચ્યા. તેમનું સારૂં સ્વાગત થયું. મીઠાં મીઠાં ભોજન જમવા મળ્યાં. કામ પણ સારી રીતે પતી ગયું. શિયાળભાઈ આનંદથી પાછા વળ્યા.

શિયાળભાઈનો ગુસ્સો ઊતરી ગયો. તેઓ બિલાડીબેન ઉપર ખુશ થઈ ગયા. બજારમાંથી મીઠાઈનું ચાલવા લાગ્યા. સાંજ પડવા આવી હતી. સવારમાં મળેલાં એ જ જગ્યાએ બિલાડીબેન ફરી મળ્યાં. બિલાડીબેન, ઊભાં રહો. શિયાળ ભાઈએ જોરથી બૂમ પાડી પોતાને આ રીતે માનથી બોલાવતા શિયાળ ભાઈને જોઈ બિલાડીબેન મલકાયાં.

મીઠાઈનું પડીકું બિલાડીબેનના હાથમાં મૂકતાં શિયાળભાઈએ કહ્યું, લો આ તમારી ભેટ. ચોખ્ખા ઘીની મીઠાઈ છે. સવારમાં જતી વખતે તમે આડાં ઊતર્યા હતાં. તેથી મારૂં કામ સારૂ થયું. ખાવા પીવાની મઝા પડી. લોકો અમથાં તમારૂં નામ વગોવે છે. તેમાંય, માણસો તો ખાસ. શુકન–અપશુકન મનના વહેમ છે .

બિલાડીબેન. થેં કયૂ કહી, મીઠાઈનું પડીકું પકડી પોતાના ઘર તરફ વળી ગયાં. શિયાળભાઈએ બધાં પ્રાણીઓને વાત કરી. માણસો ભલે શુકન અપશુકનમાં માને પણ આપણે કદી નહીં માનીએ એમ નક્કી કરી પ્રાણીઓ છૂટાં પડયાં.

ફૂલોના દેશની યાત્રા



રહ્યો. રસ્તામાં અનેક તીર્થો અને યાત્રાળુઓ પણ મળતા હતા. પણ હવે એને પહાડોમાં થઈને જવાનું હતું. હવે રસ્તામાં યાત્રાળુઓ મળવાની આશા ન હતી. હિરણ્યાભે સાંભળ્યું હતું કે પહાડથી ગુફાઓમાં અને જંગલોમાં લુંટારા છુપાઈ રહે છે અને રસ્તે જતા લોકોને લૂંટી લે છે. એને પોતાના ધન માટે ચિંતા થતી હતી. એને સમજાતું ન હતું કે ધનને કયાં રાખવું. સાથે લઈ જવાથી ભય હતો કે ધનને લીધે ડાકુઓ એને મારી નાંખે તો ? જયાં સાધુ રોકાયો હતો એ સ્થાન પણ તેના માટે નવું હતું. બધા જ અજાણ્યા હતા, એટલે કોઈને ધન સોંપીને જઈ શકાય એમ ન હતું.

ઘણા દિવસો સુધી વિચાર્યા કર્યું પછી હિરણ્યાભને રસ્તો મળ્યો. બીજા દિવસે રાતના બીજા પહોરે ઊઠયો અને ગંગા કિનારે જઈ નિત્ય કર્મ કર્યું. સ્નાન – ધ્યાન કર્યા પછી તે નદીના રેતીવાળા ભાગ તરફ ગયો, લગભગ બે – અઢી માઈલ ચાલ્યા પછી તે અટકયો. એણે ચારે તરફ જોયું તો અંધારું હતું. સ્થાન નિર્જન હોવાથી હિરણ્યાભે રેતીમાં બે ફૂટ ઊંડો ખાડો કર્યો.

પછી સોનામહોરોની પેટી એમાં મૂકી અને રેતીથી ઢાંકી દીધી. પછી એના પર ગંગાકિનારેથી કાળા પથ્થર શોધી લાવી અને પસંદ કરીને એના પર શિવાલય જેવું બનાવ્યું. ફૂલો વગેરેથી એની પૂજા કરીને તે આનંદઘેલો બનીને યાત્રા કરવા નીકળી પડયો.

એવા જ બીજાં ચાલીસ શિવાલય તૈયાર કરી દીધાં. પછી તો ત્યાં જે યાત્રાળુઓ આવે તે ત્યાં શિવાલય બનાવતા રહ્યા



હિરણ્યાભ તો ચાલ્યો ગયો. ચાર – પાંચ દિવસ પછી ત્રીસ – ચાલીસ યાત્રાળુઓનું એક ટોળું ત્યાંથી નીકળ્યું. એ ટોળામાં શ્રેષ્ઠબુદ્ધિ નામનો એક વાણિયો હતો. એની દષ્ટિ રેતી અને પથ્થરના બનેલા શિવાલય પર પડી. એકાએક મનમાં એક વિચાર આવ્યો અને એણે બધાંને ત્યાં ઊભા રાખ્યા અને બોલ્યો જુઓ. અહીં કોઈએ શિવલિંગ બનાવ્યું છે એની પૂજા પણ કરી છે. ચાલો, આપણે પણ એમ જ કરીએ, એનાથી જરૂર પુણ્ય મળશે.

પછી તો પૂછવું જ શું ? બધા લોકો કામે લાગી ગયા અને કલાકમાં ત્યાં એની પૂજા કરતા અને પછી જ આગળ જતા હતા.

લગભગ એક મહિના પછી હિરણ્યાભ યાત્રા કરીને પાછો આવ્યો. પણ આ શું ? જયાં ધન દાટયું હતું તે સ્થાન જોઈને તે સ્તબ્ધ થઈ ગયો. બે ત્રણ માઈલના વિસ્તારમાં એક સરખાં સેંકડો શિવાલય બની ગયાં હતાં. એટલે પોતાનું શિવલિંગ શોધવાનું કામ ઘણું મુશ્કેલ થઈ ગયું હતું. હિરણ્યાભ આભો બની ગયો ને તે ત્યાં જ બેસી ગયો. તે ઘણા સમય સુધી શિવલિંગ જોતો જ રહ્યો. સૂર્ય પણ **(ક્રમશઃ)**

બ્રહ્મનો બૌદ્ધિક અનુભવ



શ્રી અરવિંદને શિષ્યોએ પાછળથી પ્રશ્ન પૂછયો હતો કે શું તમને નાનપણમાં અસાધારણ આધ્યાત્મિક અનુભવો થયા હતા ? ત્યારે તેમણે જણાવ્યું હતું : 'ના, બાળ પણમાં મને કશા અસાધારણ ગણાય એવા આપ મિક સાક્ષાત્કારો થયા ન હતા. મને ત્રણ જ યાદ છે. એક દાર્જિલિંગમાં થયો હતો. બીજો હું સ્વાર્થી સ્વભાવનો હતો, અને મને એની ખબર પડી અને અને અંતરમાંથી એવું થયું કે મારે આ સ્વાર્થીપણું છોડી દેવું જોઈએ. અલબત્ત – મારી અપૂર્ણ રીતે એ જ્ઞાનનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો અને એ અનુભવથી મારા આંતરિક જીવનમાં પલટો થયો. છેલ્લી અનુભૂતિ મેં ઈંગ્લન્ડ કોયુ તેના થોડા સમય પહેલાં જ થઈ હતી. એક રીતે એને અનંતનો, પ.તો, આધ્યાત્મિક નહીં પણ બૌદ્ધિક અનુભવ કહી શકાય. મને તે એક જ રસ્તા વાસ્તવિક લાગી. બાકી બધું જાણે અસત છે, કંઈ જ નથી, એવું લાગેલું. પણ આ અનુભૂતિ થોડો જ સમય ટકી હતી. આ ઉપરાંત તેમને પોતાના તમામ વિશ્વ કાર્યની એક ઝાંખી પણ આ ગાળામાં થઈ હતી. એ વિશે પણ એમણે શિષ્યોને વાર્તાલાપમાં જણાવ્યું હતું : હું ઘણો નાનો હતો, ત્યારથી શેલીનું ભવ્ય રિવોલ્ટ આફ ઈસ્લામ વાંચતો. એમાનું માનીતું કાવ્ય હતું. હું ફરી કયને વાંચતો, અલબત્ત પૂરું સમજયા વિના. પણ મારા અંતરના કોઈ ભાગને એ ગમી ગયું હતું. એની એક સ્થાયી છાપ મારા ઉપર પડી તે એક આગાહી રૂપે હતી – કે જગતનું રૂપાંતર કરી નાંખે એવા કોઈ કાર્યમાં હું મારું જીવન સમર્પિત કરીને એની કાંતિ લાવવામાં ભાગ લઈશ. પરંતુ જગતનું પરિવર્તન કરી નાખનાર એ કયું મહાન કાર્ય હતું એની ત્યારે તો તેમને બિલકુલ ખબર ન હતી. પણ એમના અંતરમાં આ આગાહી જરૂર થઈ ચૂકી હતી.

રમત રમતમાં વીસરાઈ ગઈ છે રમત



રમત ગમતને શાળાના ટાઈમ ટેબલમાં ગોઠવીને આપણે શિક્ષણ વ્યવસ્થા પર એક ઉપકાર તો કર્યો છે પણ કોણ જાણે કેમ જીવાતી જિંદગીની બહાર ફેંકાઈ ગઈ છે આ રમત ! સ્પોર્ટસ તો એક કલ્ચર છે, એક જીવનશૈલી છે. એ કેટલી હાસ્યાસ્પદ બાબત છે કે આપણે મેદાનમાં જવા ને રમવા માટે જેટલો સમય ફાળવવો જોઈએ તે ફાળવતા નથી ને એના કરતા અનેકગણો સમય મેદાની રમતોને ટેલિવિઝન પર નિહાળવામાં ફાળવીએ છીએ ! દસ કલાક ક્રિકેટ જોવા કરતાં એક કલાક ક્રિકેટ રમવું એ જ હિતકારક માર્ગ છે. બાળકો સાથે ફળિયામાં કે શેરીમાં બેડમિંટન રમવાનો પણ સમય નથી ! રમત ગમત વિનાનું જીવન ૪૫–૫૦ વર્ષની ઉંમર પછી ભારે પડવા લાગે છે ! જેમણે જિંદગીમાં કોઈને કોઈ એક રમતને અપનાવી છે તેમનું આરોગ્ય બીજાઓ કરતાં ફૂલગુલાબી અને અનોખું હોય છે ! સારા વ્યાયામવીરો અને રમતવિરો સદાસર્વદા યુવાન રહે છે !

બ્રહ્મ એ જ સત્ય છે, જગત મિથ્યા છે



અંતમાં એ ચોક્કસ માનો કે 'આ જગત મિથ્યા છે.' કારણ કે પ્રાચીન ઋષિ – મુનિઓએ સ્પષ્ટી શબ્દોમાં જણાવ્યું છે કે આ અભ્દૂત દુનિયા એક સ્વપ્ન છે – અવાસ્તવિક છે. આ અભ્દુત અનુભવ એ પણ એક અવાસ્તવિક – કાલ્પનિક અનુભવ છે. યાદ રાખો કે તેમણે આ સનાતન સત્ય આ દુનિયાના મિથ્યાપણાનો અને અંતરાત્મા – બ્રહ્મના – અમરત્વનો જાત અનુભવ કર્યા પછી જ ઉચ્ચારેલું. – 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' આ સનાતન – શાશ્વત – સત્ય જગતને આપનારાઓ મૂર્ખા નહોતા, અને આપણે તેમના કરતાં વધારે ડાહ્યા નથી. તેથી જયારે કડવા અનુભવોમાંથી તમે મૂંઝાઈ જાવ, ત્યારે તમારી જાતને એટલું જ કહો કે – 'આ બધું મિથ્યા છે. હું જ શુદ્ધ આત્મા છું. હું જ ઈશ્વર છું. **(અસ્તુ...)**

વિયોગ દુઃખ – મહાદેવ દેસાઇ



આ નિશ્ચય કરાવીને જ તુલસીદાસ તેને રામચંદ્રજી પાસે નથી લઈ જતા. ભરત રામચંદ્રજીને મળે તે પહેલાં ભરતનાં અશ્રુથી ભીંજાયેલા તેના પ્રત્યેક પગલાનો, પ્રત્યેક સ્થળનો કવિએ ચિતાર આપ્યો છે. બહાવરા બહાવરા રથમાં ભરત નીકળે છે. ગંગાજી ઊતરવાનો સમય આવે છે ત્યાં રામચંદ્રજીનો પરમ ભક્ત ગુહક તેમને મળવા આવે છે. રામચંદ્રજીનો ભક્ત એટલે પોતાનો પૂજય સમજી, દૂરથી જ રથમાંથી ઊતરી તે ગુહકને પ્રણામ કરે છે અને રામને જે શ્રદ્ધા ને ભક્તિથી જોતા તે જ શ્રદ્ધા અને ભક્તિ તેમને જોઈને અનુભવે છે. રામચંદ્ર કયાં ગયા છે તે જાણીને ભરત ગુહકની વિદાય નથી લેતા તેઓ કયાં ઊતરેલા, કયાં સૂતેલા, કયાં બેઠેલા તે પૂછી લઈ તે પ્રત્યેક સ્થાનની પદ – રજ લે છે અને રામનામના ઉચ્ચારણ સાથે આંસુ સારે છે. ગુહકની સાથે રામચંદ્રજી પાસે જઈ, તેમને કરેલી વિનવણી, આખરે તેમની પાદુકાભિક્ષા અને ખિન્ન હૃદયે નંદિગ્રામમાં પુનરાગમન – કઠણમાં કઠણ હૃદયને પિગળાવનારાં છે. રામચંદ્રજીનાં વનવાસનાં દુખો, સીતાજીનાં દુખો ભૂલી જવાય, પણ ભરતનું વિયોગદુખ, ભરતે કરેલી ૧૪ વરસની ઉગ્ર તપસ્યાની પ્રતિજ્ઞા, પ્રભુને મેળવવા પ્રભુનાં જેવાં દુખ કષ્ટ વેઠીને રહેવાની પ્રતિજ્ઞા કોઈ ભૂલી શકે એમ નથી.

આવી પરાકાષ્ઠાની ભક્તિ અને વિયોગદુખ પછી કરેલાં આવાં પરાકાષ્ઠાનાં તપ જે દેશે જાણ્યાં છે તે દેશમાં ધર્મનો શું એટલો બધો લોપ થયેલો છે કે તે પોતાનું વિયોગદુખ ભૂલી જાય અને પ્રથમની કર્તવ્યવિમુખ વિલાસપ્રિય દશામાં ઊતરી પડે ? જેલમાં જતાં પહેલાં ગાંધીજી પોતાનો સંદેશો પ્રજા આગળ મૂકતાં ન ચૂકયા, પતંગનૃત્ય જેવા લેખ લખી પ્રજાના રોગની ચિકિત્સા અને તેનું નિદાન પોકાર કરીને કહી ગયા. ગાંધીજીને માટે રોનારા કેટલાએ તે સંદેશાનો અમલ કીધો ? જયાં આંખમાંથી લોહીની ધારા વહેવી જોઈએ ત્યાં, જયારે દેશમાં અખંડ વિરહાગ્નિ સળગતો હોવો જોઈએ ત્યાં, જયાં જોઈએ ત્યાં કાં તો નિરાશ ઉદાસીનતા અથવા તો મૃત્યુતરફ ધ્યાન કરતી વરયાત્રાઓની નોબત વાગી રહી છે. આ દેશને વિયોગદુખ છે એમ કોણ કહેશે ?

શ્રેષ્ઠ દાની કોણ



વિક્રમ રાજા વૃક્ષ ઉપરથી વેતાલને ઉતારી ચાલતા થયાં. એટલે વેતાલે એક નવી વાર્તા કહેવી શરૂ વાતા એક નગરમાં ભરતસિંહ નામે ઉદાર અને શૂરવીર રાજા રાજ કરતો હતો. એને એક રૂપરૂપના અંબાર જેવી કુંવરી હતી. કુંવરી પણ દયાળુ અને કાર્મિષ્ઠ હતી. કુંવરી પણ પોતાના પિતાની જેમ શિવ ભક્ત હતી. એ દરરોજ શિવજીના મંદિરમાં જતી અને શિવજીની હૃદય પૂર્વક પૂજા કરતી.

કુંવરીને ચાર સહેલીઓ હતી. તેઓ પણ કુંવરીની જેમ શિવજીની પૂજા કરવા માંડી. દરરોજ સાથે મંદિરમાં જતી અને શિવજીની પૂજા કરતી.

એક દિવસ શિવજી આ પાંચેય સહેલીઓની શુદ્ધ ભાવનાથી અને અંતરપૂર્વકની ભક્તિથી પ્રસન્ન થઈ કહ્યું – 'હું તમારી ભક્તિથી ઘણો પ્રસન્ન થયો છું. હું તમને દરેકને એક એક અમરફળ આપું છું. આ ફળ ખાનાર કદાપી વૃદ્ધ થશે નહીં. એની આંખોનું તેજ વધશે અને સદાયે યુવાન રહેશે. પરંતુ આ ફળનો ઉપયોગ ફક્ત એક જ જણ કરી શકશે. માટે એનો યોગ્ય રીતે ઉપયોગ કરજો. 'આમ કહી પાંચેય સહેલીઓને એક એક અમરફળ આપી, શિવજી અદ્રશ્ય થઈ ગયા.

પાંચેય સહેલીઓના આનંદનો પાર ન રહ્યો. તેઓ પોત પોતાના ઘેર ગઈ. દરેક સહેલીએ આ અમરફળ કોને આપવું એ ઉપર ઘણો વિચાર કરી પોતાનો નિર્ણય લીધો.

પહેલી સહેલી જે રાજાની કુંવરી હતી એને વિચાર્યું કે મારા પિતા તો રાજયના પાલનહાર છે. તેમજ તેઓ પૂજનિય પણ છે. તેઓ વધુ જીવશે તો રાજયનું કલ્યાણ થશે. આમ વિચારી કુંવરીએ અમરફળ **(ક્રમશઃ)**

પટેલસાહેબ, હું બીજી સગવડ કરી લઈશ.



આપ કહો તો હમણાં જ દાકતરને તેડાવી મંગાવું. પણ પટેલે તે વાતની ના પડી. પછી તો ટોમી સાહેબે મંગાવેલ આઈસ્ક્રીમ આવતાં જ પટેલ ઠંડાગાર થઈ ગયા !

પછી એમણે પેલી મોટરની રેલરસીદ ટોમી સાહેબના હાથમાં મૂકી. સાહેબે રસીદ કારકુનને સોંપી. પછી કહ્યું : ''બેફિકર રહો. અહીંના સ્ટેશને મોટર ઊતરશે કે તરત જ અમારા કારખાનામાં મંગાવી લઈશું. આ છાપેલા કાગળ પર સહી કરી આપો. તમારી લેખીત મંજૂરી વિના રેલવેવાળા અમને મોટર આપે નહિ, અને અમારા થી એને સુધારી શકાય પણ નહિ !''

પટેલે છાપેલા કાગળ પર ઝટપટ સહી કરી આપી. પછી પૂછયું : ''બધું મળીને ખર્ચ કેટલો આવશે ?

ટોમી સાહેબ હસી પડતાં બોલ્યા : 'વાહ રે શેઠ વાહ ! હજી મોટર કેવી છે તે તો અમે જોઈ નથી. શું શું સુધારવાનું છે, શું શું નવું નાખવાનું કે બદલવાનું છે તે જોયા જાણ્યા વગર ખર્ચની શી રીતે સમજ પડે ? મોટર અહીં આવશે, એટલે તરત જ આપને ખબર આપીશું. મિ.વાઘેલા મારા મિત્ર થાય, એટલે બિલ વાજબી બનાવીશું.

પટેલે પોતાની પેઢીનું અને ઘરનું એમ બંને સરનામાં આપ્યાં. ફોનના નંબર પણ લખી આપ્યાં. પછી ''સાહેબજી'' કહી બહાર નીકળ્યાં.

પંદર દિવસ થઈ ગયા પછી પટેલ ફોન પર ટોમી સાહેબને દિવસમાં બેત્રણ વખત પૂછે : 'કેમ, સાહેબ, આવી ગઈ કે મોટર ? 'સાહેબ જવાબ વાળે : ના જી.

આમ કરતાં બીજા પાંચ દિવસ વીત્યા. પટેલની અધીરાઈનો પાર નહિ. એમણે વિચાર કર્યો કે આજે તો જાતે જ જઈ ટોમી સાહેબને મળી આવું. રેલવેનો આવો તે કેવો અલેલ ટપ્પુ કારભાર ?

પટેલ પેઢી પરથી નીકળવાની તૈયારી કરતા હતા, એટલામાં ફોનની ઘંટડી વાગી. પટેલે ભૂંગળું કાને ધર્યું ને પૂછયું : 'એલાવ ! કોણ છો ? સામેથી જવાબ મળ્યો : હું ટોમી સાહેબની કચેરીમાંથી બોલું છું. આપની મોટર રેલવે સ્ટેશનેથી અમારે કારખાને આવી ગઈ છે. આપ જાતે આવી અડધા કલાકમાં મળી જજો. પટેલે 'વારૂજી અને 'આભાર' કહી ભૂંગળું મૂકી દીધું. ઉતાવળે ડગલો પહેરી લીધો. એમના મનમાં કે કયારે મોટર જોવા મળે ? વિઠ્ઠુને બોલાવી બાંકુભાઈને તેડાવ્યા, ને કહ્યું : ''ચાલો મારી સાથે. પેલી મોટર આવી ગઈ છે. પટેલે હાથમાં લાકડી લીધીને પેઢીની બહાર નીકળ્યા, એટલે બાંકુભાઈ બોલી ઊઠયા : ''અરે અરે અરે શેઠ, પાઘડી પહેરવાનું તો ભૂલી જ ગયા ! ઊભા રહો, લઈ આવું. પટેલ કહે : બધી મોટર જોવાની ઉતાવળની જ મોંકાણ ! બાંકુભાઈ પાઘડી લઈ આવ્યા. પછી બંનેજણ ભાડાની મોટર કરી ટોમી સાહેબની આફિસે ઊપડયા.

હસવાની મનાઈ

સોનુ : લોકો ખોટું કહે છે કે પત્નીઓ પોતાની ભૂલ નથી માનતી.

મોનુ : અચ્છા, તારી પત્ની શું માને છે ?

સોનુ : એ કહે છે કે તમારી સાથે લગ્ન કરીને મેં બહુ મોટી ભૂલ કરી.

એક વાર એક બાદશાહે ખુશ થઈને તમામ કેદીઓને છોડી મૂકયા. કેદીઓમાં ઘણા વૃદ્ધ પણ હતા. બાદશાહ : (એક વૃદ્ધ કેદીને) તમે કયારથી કેદમાં છે ? વૃદ્ધ કેદી : તમારા અબ્બાજાનના સમયથી. બાદશાહે સિપાઈને કહ્યું : આ વૃદ્ધને પાછા કેદ કરી દો. કારણ કે તેઓ અબ્બાના વખતની યાદગીરી છે.

જગો : (મેડિકલ સ્ટોરવાળા ને) ઝેર આપોને. **દુકાનદાર :** ચિઠ્ઠી વિના નહીં મળે. **જગો :** ચિઠ્ઠી તો નથી, પણ સાથે લગ્નની કંકોતરી છે. **દુકાનદાર :** રડાવીશ કેશું ? મોટી આપું કે નાની ?

ચંગુ (મંગુને) : શું તું ચાઈનીઝ વાંચી શકે છે ?

મંગુ : વાંચી શકું. પણ એક શરતે. **ચંગુ :** કઈ શરતે ? **મંગુ :** લખાણ હિન્દી કે અંગ્રેજી લિપિમાં લખેલું હોવું જોઈએ.

પતિ : કયાં ગઈ હતી ? **પત્ની :** રકતદાન કરવા.

પતિ : કેમ ? મારું લોહી પીતાં પીતાં હવે તો તારામાં ઓવરફલો થવા માંડયું છે ?

બાલગીત

(૧) ઋતુગીત : કેસૂડાની પાસ જઈ

કેસૂડાની પાસ જઈ આ ફાગણ
કરે હાઉકલી,
એ હાઉકલીની સાથે ઊડી ઝાઝેરી
ચકલી, ચકલી !

(૧) ચકલીઓએ સે પાસે જઈ ગાયું એક જ ગાન, 'વંદે માતરમ્'
બોલી બોલી, ગુંજાવ્યું ચોગાન !
અહીંથી તહીં બસ, ગાજી ઊઠી ' વંદે માતરમ'ની ડફલી.....એ હાઉકલી

(૨) 'વંદે માતરમ્'ના આ પડઘા પાણીએ પણ ઝીલ્યાં, પવન લઈ ગયો દૂર દૂર એ ગગમંડળમાં ખીલ્યાં !
રહ્યું ન બાકી કોઈ : કેસરિયા ગાન ગાય આ ગલી ગલી....એ હાઉકલી

ચિત્રમાં રંગ પુરો



આ મારું ચિત્ર છે



બાબરીયા જયદેવ
(ધો.૫ બી. રૂપાયતન – અમરેલી)

વિશ્વા નરેશભાઈ પરમાર
(ધો.૫ બી. રૂપાયતન – અમરેલી)



સોલંકી દ્રષ્ટ્રી આર.
(ધો.૫ બી. રૂપાયતન – અમરેલી)

વાળા વીજેન્દ્ર ભયલુભાઈ
(ધો.૮ (બી) પ્રા.શાળા–ટીંબલા)

આદેશાત્મક ચિહ્નો

લંબાઈની મર્યાદા



Lenght limit

નિર્ધારિત માપ કરતાં વધુ લંબાઈ ધરાવતાં વાહનો માટે પ્રવેશ – મનાઈ છે. ઘણી વાર શહેરી વિસ્તારોમાં સાંકડા વળાંકવાળા રસ્તાઓ ઉપર જોવા મળે છે.



ઉના નજીક આવેલ

નાથળ ગામે વાડીનાં કુવામાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

ફાયર વિભાગે દોઢ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢયો

ઉના, તા. ૨૭

ઉના તાલુકાના નાથળ ગામે એક વાડીના કૂવામાંથી અજાણ્યા પુરૂષનો અત્યંત કોહવાયેલ મૃતદેહ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્ર અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, નાથળ ગામે ભીખાભાઈ સિલોત નામના વ્યકિતની વાડીમાં આવેલા કૂવામાં એક અજાણ્યા પુરૂષનો કોહવાયેલ મૃતદેહ જોવા મળ્યો હતો. આ અંગે જાણ કરવામાં આવતા ફાયર વિભાગની ટીમના પાયલોટ જીતુ બાંભણિયા, અશોક રાઠોડ, મોહનભાઈ બારૈયા અને નાનજી સોલંકી સહિતના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ ફાયર વિભાગના જવાનોએ કૂવામાંથી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

મૃતદેહને બહાર કાઢવા કામગીરી હાથ ધરી હતી. દોઢ કલાકની ભારે જહેમત બાદ મૃતદેહને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

મૃતકની ઉંમર આશરે ૩૮ વર્ષ હોવાનું અનુમાન છે. મૃતકના જમણા હાથના અંગૂઠા પાસે અંગ્રેજીમાં 'કે.પી.' લખેલું ટેટૂ જોવા મળ્યું છે. મૃતકે સફેદ અને કાળા રંગનું ચોકડીવાળુ શર્ટ તેમજ બ્લુ જીન્સ પહેર્યું હતું.

હાલ મૃતકની ઓળખ અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. જેથી ઉના પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, આ વર્ણન ધરાવતા કોઈ વ્યકિતને ઓળખતા હોય અથવા તેમના પરિવારજનો ગુમ થયા હોય તો તાત્કાલિક ઉના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી જરૂરી માહિતી આપવા વિનંતી કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

સાવરકુંડલામાં જેસર માર્ગ ઉપર

રહેણાંક મકાનો અને દુકાનોમાં ધૂળનાં થર જામી જતાં સ્થાનિક વેપારીઓના ધંધા–રોજગાર પર પણ માઠી અસર પડી રહી છે.

રજૂઆતમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, આ જેસર રોડ આજથી આશરે ૧૫ વર્ષ પૂર્વે તત્કાલીન ધારાસભ્ય કાળુભાઈ વિરાણીનાં સમયમાં બનાવવામાં આવ્યો હતો. તે રોડ એટલો મજબૂત હતો કે દોઢ દાયકા સુધી તેમાં કોઈ ખાસ સમારકામની જરૂર પડી ન હતી. પરંતુ વિકાસ કામોનાં નામે રસ્તો ખોદાયા બાદ હાલ જનતાને ધૂળ ખાવા મજબૂર થવું પડયું છે.

કનુભાઈ ડોડીયાએ નગરપાલિકા તંત્રને અપીલ કરતા જણાવ્યું છે કે, નાગરિકોને સ્વચ્છ રસ્તા અને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરૂ પાડવું એ પાલિકાની પ્રાથમિક ફરજ છે. જેસર રોડની વર્તમાન સ્થિતિની યોગ્ય ટેકનિકલ તપાસ કરાવી, હાલનાં માર્ગ પર સત્વરે પાકો ડામર રોડ બનાવવામાં આવે જેથી નગરજનો અને વેપારીઓને ધૂળની આ કાયમી સમસ્યામાંથી મુકિત મળે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં ૩૬૯ વિદ્યાસહાયક

અને આર.પી.મહેતા વિદ્યાલયના લીલીવતી બિલ્ડિંગ ખાતે જિલ્લા શિક્ષણ સમિતિ, અમરેલી દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રતીકાત્મક રીતે વિદ્યાસહાયકોને જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્રકુમાર મૌર્યના હસ્તે નિમણૂંક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ડેલિગેટ સંજયભાઈ તારપરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.વી. મિયાણી, તમામ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ (ટીપીઈઓ), બીઆરસી કો–ઓર્ડિનેટરો, જિલ્લા શિક્ષણ સમિતિના કર્મચારીઓ તેમજ માન્ય શિક્ષક સંઘોના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ.જી.સોલંકીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેશકુમાર પાનસુરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.વી. મિયાણીની યાદીમાં જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું

રાજુલાનાં જુની કાતર ગામે

લખમણભાઈ સોલંકી દયાબેનને શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપતા હોય. જેથી દયાબેન કંટાળી જઈ આઘેડને જાણ કરતા આઘેડે તેમના કુટુંબી ભાઈ મામૈયાભાઈને કુંડલીયાળા ગામે આરોપીને સમજાવવા મોકલેલ હતા અને આરોપીને સમજાવવા છતાં આરોપી સમજેલ નહી અને આ આરોપી દયાબેનને તેમના બન્ને દીકરાઓ તથા ઘરેણા લઈ લીધા બાદ આરોપીએ દયાબેનને આઘેડના ઘરે મોકલી આપેલ હતા અને દયાબેન તેના બન્ને દીકરાઓ વગર રહી શકતા ન હોય અને આરોપી હરેશભાઈને દીકરાઓ આપવા માટે ફોન કરવા છતાં આરોપી તેમના દીકરાઓ આપેલ ન હોય અને આરોપી હરેશભાઈના દુઃખ ત્રાસથી કંટાળી જઈ દયાબેન પોતાના દીકરાઓ વગર નહી રહી શકતા અને આરોપીનુ દુઃખ ત્રાસ સહન નહી થતા દયાબેનએ ગત તા. ૨૬ના રોજ સવારના આશરે સાડા સાતેક વાગ્યાના અરસામાં જુની કાતર ગામે મામૈયાભાઈના ઘરે અગાસી ઉપરથી દોરડા વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધેલ. આમ આરોપી પાટીએ દયાબેનને મરવા મજબુર કરી ગુન્હો કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

લોક સુનાવણીમાં હોબાળો

ભારે વિરોધ રજૂ કરી પ્રોજેકટ રદ કરવા માંગણી કરેલ. પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ બહાદુરભાઈ બેરાએ બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અન્યત્ર ખસેડવા સહિતની વિવિધ માંગણીઓ રજૂ કરી વિરોધ પ્રગટ કર્યો હતો.

આ તકે તાલુકા પંચાયત સદસ્ય અને વિરોધ પક્ષના નેતા રણજીતભાઈ ખુમાણ દ્વારા ખેડૂતો અને વિસ્તારના મતદારોની મળેલ રજૂઆતને ધ્યાને લઈ બનવા જઈ રહેલ પ્લાન્ટનો વિરોધ નોંધાવ્યો હતો. મોટી સંખ્યામાં વાઘણીયા, ટીંબડી, પીપળવા, નાના લીલીયા સહિતના ગામોના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે પ્રાંત અધિકારી જીલ પટેલે જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં આરોગ્ય સેવામાં વધારો થઈ રહ્યો છે તેવા સમયે જિલ્લામાં એક પણ મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ન હોય તેવા સમયે સુવિધા ઉપલબ્ધ થવી જરૂરી છે. લોકોની રજૂઆતો પણ ધ્યાન પર લેવામાં આવશે સાથે સાથે પ્રાદેશિક અધિકારી એમ.જી. બારડે જણાવ્યું હતું કે બાયોમેડિકલ કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે આ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જરૂરી અને આવશ્યક છે. આગળની કાર્યવાહી રજૂઆતો ધ્યાન પર લઈ કરવામાં આવશે. તેવું પ્રાદેશિક અધિકારી દ્વારા જણાવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

સાવરકુંડલા : વંડામાં રૂા. ૧.૨૧ કરોડનાં ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળા ભવનનું લોકાર્પણ

આધુનિક સુવિધાઓ સાથે ગુણવત્તાયુકત શિક્ષણનો નવો અધ્યાય

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા તાલુકાનાં વંડા ગામે રૂા. ૧.૨૧ કરોડનાં ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત પ્રાથમિક શાળા ભવનનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં શાળાનાં જ ભૂલકાઓના હસ્તે રીબીન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું છે. આધુનિક સુવિધાઓથી સજજ આ નવું ભવન ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણની વધુ સારી તકો પૂરી પાડશે.



લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પ્રતિભાવ વ્યકત કરતાં જણાવવામાં આવ્યું હતું કે, લોકતંત્રની તંદુરસ્તી માટે સૌથી અગત્યનું પરિબળ ઉત્તમ કક્ષાનું અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતાનું સંવર્ધન કરતું શિક્ષણ છે. તેમાં પણ પ્રાથમિક શિક્ષણ એ બાળ માનસપટનાં પાયાનાં બંધારણ સમાન ગણાય છે, જે ભાવિ નાગરિકોનાં ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ પ્રસંગે વધુમાં ઉમેરવામાં આવ્યું હતું કે, જો આવી સુવિધાસભર અને ગુણવત્તાયુકત શિક્ષણ પીરસતી સરકારી પ્રાથમિક શાળાઓ ઉપલબ્ધ હોય, તો વાલીઓ અને વિદ્યાર્થીઓએ ખાનગી શાળા તરફ જવું ન પડે.

નવા ભવનનાં નિર્માણથી વંડા અને આસપાસના વિસ્તારનાં બાળકોને શીખવા માટે વધુ અનુકૂળ અને સુવિધાજનક વાતાવરણ મળશે, જેનાથી ગામના શૈક્ષણિક સ્તરને નવી દિશા મળશે.

ખનિજ માફિયાઓ સામે તવાઈ

ધારીમાં ગેરકાયદે રેતી ખનન સામે મામલતદારની ટીમની કાર્યવાહી

અમરેલી,તા. ૨૭

અમરેલી જિલ્લાના ધારી પંથકમાં ગેરકાયદે રેતી ખનન અને ખનિજ ચોરી કરતા તત્વો સામે વહીવટી તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. ધારી મામલતદારની ટીમે છેલ્લા બે દિવસ દરમિયાન સઘન ચેકિંગ હાથ ધરીને ગેરકાયદે રેતીનું ખનન અને વહન કરતા બે ટ્રેક્ટર ઝડપી પાડ્યાં છે. આ કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ.૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ધારી પંથકમાં લાંબા સમયથી ગેરકાયદે રેતી ખનન અને ખનિજ ચોરીની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવાની જરૂરિયાત વચ્ચે મામલતદારની ટીમ સક્રિય બની છે. મળતી માહિતી અનુસાર, છેલ્લા બે દિવસ દરમિયાન ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ ચેકિંગ દરમિયાન રેતીનું ગેરકાયદે ઉત્ખનન અને વહન કરતા બે ટ્રેક્ટર મળી આવ્યાં હતાં. તંત્રની ટીમે બંને ટ્રેક્ટરને અટકાવી ડિટેઈન કરી લીધાં હતાં. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન અંદાજે પાંચ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સરકારના નિયમો અને કાયદાની અવગણના કરીને રેતીનું ગેરકાયદે ઉત્ખનન કરનારા તત્વો સામે વહીવટી તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. મામલતદારની ટીમ દ્વારા સતત ચેકિંગ અને કાર્યવાહી કરવામાં આવતાં ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

ધારી મામલતદારની ટીમની આ કાર્યવાહીથી ગેરકાયદે રેતી ખનન અને વહન પર નિયંત્રણ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારી ખનિજ સંપત્તિનું ગેરકાયદે ઉત્ખનન અટકાવવા તંત્ર દ્વારા આવી કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહે તેવી શક્યતા છે. હવે જપ્ત કરાયેલા બંને ટ્રેક્ટરના મામલે આગળ કઈ કાયદે સરની કાર્યવાહી કરવામાં આવે છે તેના પર નજર રહેશે.

પાના ૮ ઉપરનું ચાલું

સાવરકુંડલામાં ગેસ સીલીન્ડરની

મળી રહ્યો નથી તે અંગે તપાસ કરી, તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને નાગરિકોને ગેસ સિલિન્ડર માટે મુશ્કેલીન પડે તે સુનિશ્ચિત કરવામાં આવે.

ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે નાગરિકોની રોજિંદી જરૂરિયાતો સાથે જોડાયેલી આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ આવે અને સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરનો પૂરતો તથા નિયમિત પુરવઠો સુનિશ્ચિત થાય તે માટે સંબંધિત તંત્રએ ગંભીરતાથી કાર્યવાહી કરવી જોઈએ.સાથે જ ગેસ એજન્સીના ટ્રાન્સફર સંબંધિત પ્રક્રિયા પણ સરળ, સુવ્યવસ્થિત અને અવિરત રીતે થાય તે જરૂરી છે. એજન્સી ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન ગેસ વિતરણ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય અને લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે અંગે પણ ખાસ તકેદારી રાખવા માંગ કરવામાં આવી છે.

સમરી દાવાનો જાહેર સમન્સ

બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર

સરનામું : રૂમ નં.–એસ/૮,બીજા માળે, બહુમાળીભવન,ભાવનગર

(ગુજરાત કો–ઓપ.સોસાયટી એકટની કલમ–૯૯(૪) મુજબ)

ડીસ્પ્યુટન્ટ (વાદી) : – શ્રી અમરેલી નાગરિક સહકારી બેંક લી., અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા (પ્રતિવાદી) :– નીચે મુજબની વિગતે....

ક્રમ	સમરી દાવા નંબર	પ્રતિવાદી નંબર	પ્રતિવાદીનું નામ	કયા દરજજે	દાવાની રકમ
૧	૧૨૨/૨૦૨૬	૧	બાપાસીતારામ ટ્રાવેલર્સના પ્રો. જયંતીભાઈ ગોરધનભાઈ ધાનાણી	મુળ કરજદાર	૩,૪૧,૩૧૨.૨૫/–
૨	૧૨૧/૨૦૨૬	૧	રમેશભાઈ કેશવલાલ કોટક	મુળ કરજદાર	૬૦,૬૮૫/–
૩	૯૦/૨૦૨૬	૧	દીપકભાઈ ગોરધનભાઈ ડાભી	મુળ કરજદાર	૯૨,૦૭૫/–
		૨	ભરતભાઈ વલ્લભભાઈ ચાવડા	જામીન દરજજે	
૪	૮૬/૨૦૨૬	૧	કીરીટભાઈ હસમુખભાઈ રાઠોડ	મુળ કરજદાર	૧,૦૪,૯૯૬/–

ઉપરોકત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાનાં જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પ્યુટન્ટે (વાદીએ) ધી ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટી એકટની કલમ–૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહીત વસુલ લેવા માટે દાવો માંડયો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી) ને આપી ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હકકદાર થશે. તેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તૈયાર કરનાર
(એન.બી.મોરી)
જુનિયર કલાર્ક

તારીખ : ૨૭–૧૧–૨૦૨૬
સ્થળ : ભાવનગર.

હુકમથી
(ડી.એન. રંગાણી)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર

નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **જીજ્ઞાષાબેન તુષારભાઈ ગજેરા** , મારૂ જુનું નામ **જીજ્ઞાષા તુષારભાઈ ગજેરા** થી બદલી ને **જીજ્ઞાષાબેન તુષારભાઈ ગજેરા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

જીજ્ઞાષાબેન તુષારભાઈ ગજેરા
સરનામું :– ડી–૭૫, GCW ટાઉનશીપ, અલ્ટ્રાટેક સિમેન્ટ લી. કોવાયા, જી. અમરેલી–૩૬૫૫૪૧ (ગુજરાત)

નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **તુષાર હિંમતલાલ ગજેરા** , મારૂ જુનું નામ **તુષારકુમાર હિંમતલાલ ગજેરા** થી બદલી ને **તુષાર હિંમતલાલ ગજેરા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

તુષાર હિંમતલાલ ગજેરા
સરનામું :– ડી–૭૫, GCW ટાઉનશીપ, અલ્ટ્રાટેક સિમેન્ટ લી. કોવાયા, જી. અમરેલી–૩૬૫૫૪૧ (ગુજરાત)

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૦૦	૧૮૯૯

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૨૨૫	૧૫૨૦
૨	ગીરનાર શીંગ	૧૦૦૦	૧૫૫૦
૩	શિંગ મોટી	૧૦૮૦	૧૬૫૦
૪	શિંગ દાણા	૧૨૦૦	૨૦૪૦
૫	તલ સફેદ	૨૧૦૦	૩૬૪૫
૬	તલ કાળા	૨૪૦૦	૩૯૩૫
૭	તલ કાશ્મીરી	૩૦૦૫	૩૦૫૦
૮	બાજરો	૩૮૫	૬૩૫
૯	જુવાર	૬૯૦	૧૪૦૦
૧૦	ઘઉં ટુકડા	૫૫૦	૭૬૫
૧૧	ઘઉં લોકવન	૫૧૫	૬૫૦
૧૨	મકાઈ	૬૩૫	૭૬૫
૧૩	મગ	૧૮૮૦	૧૮૮૦
૧૪	અડદ	૧૨૫૦	૧૮૧૫
૧૫	ચણા	૧૧૫૦	૧૫૩૦
૧૬	સફેદ ચણા	૧૩૩૦	૧૪૩૦
૧૭	છોલે ચણા	૧૫૩૦	૧૭૪૦
૧૮	વટાણા	૮૧૦	૮૧૦
૧૯	તુવેર	૯૫૦	૧૮૪૫
૨૦	કપાસ	૧૦૯૦	૧૯૩૦
૨૧	એરંડા	૧૫૦૦	૧૫૪૦
૨૨	જીરૂ	૩૬૦૦	૪૭૯૫
૨૩	રાય	૧૫૩૦	૧૭૦૦
૨૪	ધાણી	૨૨૦૦	૩૧૨૫
૨૫	સોયાબીન	૧૧૨૦	૧૪૯૦
૨૬	મરચા લાંબા	૨૮૦૦	૫૩૬૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૭૦
૩	તલ સફેદ	૨૫૦૦	૩૧૫૦
૪	તલ કાળા	૩૨૦૦	૪૦૮૬
૫	જીરૂ	૪૭૦૦	૪૯૦૫
૬	કપાસ	૧૮૫૦	૧૯૧૫
૭	ઘઉં લોકવન	૫૫૦	૬૧૧
૮	ઘઉં ટુકડા	૫૯૦	૬૫૦
૯	બાજરો	૪૦૦	૫૯૧
૧૦	જુવાર	૧૨૫૦	૧૬૩૦
૧૧	મગ	–	૨૮૮૦
૧૨	અડદ	૧૩૦૦	૧૮૦૦
૧૩	ચણા	૧૨૨૦	૧૫૦૦
૧૪	તુવેર	૧૪૫૦	૧૯૯૨
૧૫	એરંડી	૧૨૫૦	૧૫૦૦
૧૬	મેથી	૧૦૦૦	૧૩૯૦
૧૭	ધાણા	૨૮૫૦	૩૨૦૦
૧૮	સોયાબીન	૧૩૮૦	૧૪૮૧

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે

પરંતુ, કોઈ નકકર કામગીરી થતી હોય તેવું જોવા મળતું નથી.

અમરેલી જિલ્લામાં આજે સરકારી શાળાઓ અને કોલેજો ઉપરાંત, સરકારી દવાખાનામાં આધુનિક સુવિધાઓ તેમજ જરૂરી તબીબો અને મેડિકલ ઉપકરણોની તંગી જોવા મળી રહી હોય પરિવહનની સુવિધા વધે તો જિલ્લાનાં બાળકો અને દર્દીઓ રાજકોટ કે ભાવનગર ખાતે જઈને શિક્ષણ અને આરોગ્ય સુવિધા મેળવી શકે. પરંતુ, તેની ઉણપથી અનેક પરિવારો સુવિધા અને રોજગારીનાં અભાવે સ્થળાંતર કરવા મજબુર બન્યા છે અને જિલ્લામાં વિપક્ષનું અસ્તિત્વ ન હોવાથી શાસક પક્ષને કોઈ ચિંતા થતી નથી.

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૬૫	૧૯૨૪
૨	ઘઉં લોકવન	૫૮૫	૬૦૦
૩	ઘઉં ટુકડા	૫૬૮	૬૧૭
૪	મગફળી	૧૦૦૦	૧૩૭૦
૫	ચણા	૧૩૦૦	૧૪૭૬
૬	સોયાબીન	૧૧૦૦	૧૪૦૨
૭	જુવાર	૮૦૦	૮૦૦
૮	મગ	૧૪૨૫	૧૫૦૦
૯	ચણા સફેદ	૧૭૩૫	૧૭૩૫
૧૦	ધાણા	૧૮૦૦	૨૭૪૦
૧૧	લસણ	૧૧૫૦	૨૦૭૫
૧૨	અડદ	૧૪૨૫	૧૭૦૦
૧૩	તુવેર	૧૦૦૦	૧૭૦૦
૧૪	તલ સફેદ	૨૩૫૦	૨૩૫૦
૧૫	શીંગદાણા	૧૧૩૦	૧૪૬૦
૧૬	મકાઈ	૪૪૫	૪૪૫
૧૭	ચણા છોલે	૧૯૪૦	૧૯૪૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૧	૧૯૭૦
૨	કપાસ મીડીયમ	૧૭૪૦	૧૮૬૦
૩	મગફળી	૧૪૩૧	૧૫૨૧
૪	તલ સફેદ	૨૯૧૦	૩૨૭૫
૫	તલ કાળા	૩૭૪૦	૪૦૦૦
૬	જીરૂ	૪૪૪૦	૪૮૭૦
૭	ચણા	૧૪૨૧	૧૪૯૦
૮	ઘઉં	૬૧૧	૬૭૦
૯	અડદ	૧૭૭૦	૧૮૫૫
૧૦	સોયાબીન	૧૪૯૦	૧૫૦૫

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૩૦૦	૧૪૯૫
૨	તલ સફેદ	૨૮૦૧	૩૧૫૧
૩	તલ કાળા	૩૧૦૦	૩૧૦૦
૪	કપાસ	૧૭૫૦	૧૮૯૦
૫	બાજરો	૪૫૦	૫૯૫
૬	ઘઉં ટુકડા	૫૨૫	૬૪૯
૭	જુવાર	૬૦૦	૧૫૫૦
૮	મકાઈ	૪૫૦	૬૫૦
૯	મગ	૧૩૦૦	૨૯૦૦
૧૦	મઠ	૨૧૦૧	૨૧૦૧
૧૧	અડદ	૧૫૦૦	૧૮૦૦
૧૨	ચણા	૧૦૦૦	૧૫૦૦
૧૩	સોયાબીન	૧૪૮૧	૧૫૦૯

વિશ્વ અર્થતંત્ર પર સંકટના વાદળો

૨૦૦૮ કરતાં પણ ભયાનક મહામંદીની કિયોસાકીની ચેતવણીથી વૈશ્વિક બજારમાં ચિંતા

રોબર્ટ કિયોસાકીએ બેંકિંગ સંકટ, અમેરિકાના વધતા દેવા અને AIથી નોકરીઓ પર ઊભા જોખમ અંગે ચેતવણી આપી

ન્યૂ યોર્ક, તા.૨૭

વિશ્વના લોકોએ **2008**ની વૈશ્વિક મહામંદી જોઈએ છે, પરંતુ હવે તેના કરતા પણ ભયાનક મહામંદી આવશે તેવી એક લેખકે ભવિષ્યવાણી કરી છે. વિશ્વવિખ્યાત બેસ્ટસેલિંગ પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ' ના લેખક અને જાણીતા રોકાણકાર રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર વૈશ્વિક અર્થતંત્ર પર તોળાઈ રહેલા મોટા સંકટ અંગે ગંભીર ચેતવણી આપી છે. **2008**ની મહામંદી અંગે પણ કિયોસાકી દ્વારા જ ભવિષ્યવાણી કરવામાં આવી હતી. પરંતુ હવે તેના કરતા પણ ભયાનક વૈશ્વિક મહામંદીના એંધાણ હોવાની ચેતવણી આપી છે. કિયોસાકીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, વર્તમાન સમય બેંકમાં રોકડ રાખવાનો કે ગોલ્ડ-સિલ્વર **ETF** જેવા રોકાણો પર ભરોસો કરવાનો નથી. તેના બદલે રોકાણકારોએ અસલી સોનું, ચાંદી, બિટકોઈન અને એથેરિયમ ખરીદવા જોઈએ. તેમણે જણાવ્યું કે તેઓ પોતે પણ સતત આ એસેટ્સ ઉપરાંત રિયલ એસ્ટેટ અને ઓઈલમાં રોકાણ વધારી રહ્યા છે.કિયોસાકીએ કહ્યું કે **2008**માં **CNN** પર વુલ્ફ બ્લિટ્ઝર સાથેની મુલાકાતમાં તેમણે અમેરિકાની સૌથી જૂની બેંકોમાંની એક 'લેહમેન બ્રધર્સ' નાદારી નોંધાવશે તેવી આગાહી કરી હતી, જે સાચી પડી હતી. તેમના મતે, **2008**માં સબ-પ્રાઈમ મોર્ટગેજ ડેરિવેટિવ બજાર તૂટવાથી દુનિયા હચમચી ગઈ હતી, પરંતુ આજે આપણે જે ક્વાડ્રિલિયન ડોલરના ડેરિવેટિવ માર્કેટના સંકટ તરફ જઈ રહ્યા છીએ, તે **2008** કરતાં પણ વધુ વિનાશક સાબિત થશે.આર્થિક તબાહીનું ગણિત સમજાવતા કિયોસાકીએ અમેરિકી સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ અને બ્લેકરોક જેવી મોટી સંસ્થાઓ પર આકરા પ્રહારો કર્યા છે.

કહ્યું કે, જો કોઈ વ્યક્તિ દર મિનિટે **1** ડોલર ખર્ચે, તો તેને **1** ટ્રિલિયન ડોલર ખર્ચતા **34,000** વર્ષ લાગી જાય, પરંતુ અમેરિકી ફેડરલ રિઝર્વને **1** ટ્રિલિયન ડોલર છાપતા એક મિનિટ કરતાં પણ ઓછો સમય લાગે છે. અમેરિકા દર **90** દિવસે **1** ટ્રિલિયન ડોલર છાપી રહ્યું છે અને **2026**માં તેના પર **49** ટ્રિલિયન ડોલરનું તોતિંગ દેવું થઈ ગયું હોવાનો પણ દાવો કર્યો છે. કિયોસાકીના મતે હવે અત્યારે મોટા પાયે નોટો છાપવાનો એટલે કે 'ધ બિગ પ્રિન્ટ'નો દોર શરૂ થશે, જેના કારણે કાગજી ચલણની ખરીદશક્તિ ઝડપથી ખતમ થઈ જશે.રોજગાર પર વાત કરતા કિયોસાકીએ કહ્યું કે, જેમ લોકો ળેન્ચ ળાઈસ ખાય છે, તેમ AI લોકોની નોકરીઓને એવી રીતે ગળી જશે. જર્મન ઓટો કંપની ફોક્સવેગન દ્વારા **1** લાખ કર્મચારીઓની છટણી અને યુરોપમાં થઈ રહેલા તોફાનોનો ઉલ્લેખ કરતા તેમણે યાદ અપાવ્યું કે, **2002**માં લખાયેલા તેમના પુસ્તક 'રિચ ડેડ્સ પ્રોફેસી'માં તેમણે આ પરિસ્થિતિની પહેલેથી જ આગાહી કરી હતી.સરકારો અને રાજનેતાઓ માત્ર પોતાની ખુરશી બચાવવામાં વ્યસ્ત છે, તેમને સામાન્ય લોકોની નોકરી કે રિટાયરમેન્ટની કોઈ ચિંતા નથી. તેવું કહીને કિયોસાકીએ લોકોને ચેતવ્યા છે.

સામાન્ય લોકોને સલાહ આપતા કહ્યું કે, આ સામાન્ય સમય નથી, તેથી પરંપરાગત અભ્યાસને બદલે તમારો ફાઇનાન્શિયલ **IQ** એટલે કે, નાણાકીય સમજ વધારો. જે લોકો સમયસર ચેતી જશે અને અસલી એસેટ્સમાં રોકાણ કરશે, તેઓ આવનારી મહામંદીમાં પણ વધુ 'ધનવાન' બનીને બહાર આવશે.

અડાલજમાં 'ગૌ સન્માન મહાસંમેલન'

ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા સંતોનું આહવાન

"તમને રાજા બનાવનાર લોકોની માંગ છે, ગૌમાતાની સેવા કરો કોઈ ગાદી પરથી નહીં ઉતારે": શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ નજીક અડાલજના પર્વ મેદાન ખાતે આજે ગૌવંશની સેવા, સુરક્ષા અને સન્માનના ઉદ્દેશ્ય સાથે ભવ્ય 'ગૌ સન્માન મહાસંમેલન' યોજાયું હતું, જેમાં ૧ લાખથી વધુ ગૌભક્તો ઉમટ્યા હોવાનો દાવો કરાયો છે. આ સંમેલનમાં જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ સહિતના સંતો-મહાત્માઓએ ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા, ગૌવંશને રાષ્ટ્રીય ધરોહરનો દરજ્જો આપવા અને સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવાની માંગ ઉઠાવી હતી. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ ગૌપૂજન કરી સંતોના આશીર્વાદ લીધા હતા.

સંમેલનને સંબોધતા જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજે જણાવ્યું હતું કે, "ગાયની ભક્તિ કરે છે તે હિંદુ છે. જો ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવામાં આવશે, તો જે લોકો ગાયને માત્ર પશુ માને છે તેઓ પણ તેને માતા માનવા લાગશે." તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ કાયદો ઘડવાની માંગ કરતા ઉમેર્યું હતું કે, "જે લોકોએ તમને સત્તા પર બેસાડ્યા છે અને રાજા બનાવ્યા છે, તે લોકોની માંગ છે કે ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરો. ગૌમાતાની સેવા કરો, તમને કોઈ ગાદી પરથી નહીં ઉતારે."

સંમેલનમાં ઉપસ્થિત નંદ મહારાજે ઉત્તરાખંડ સરકાર દ્વારા પ્રતિ ગાય રૂ.૮૦ની નિભાવ સહાય અને મહારાષ્ટ્રમાં ગાયને 'રાજ્યમાતા' જાહેર કરાયાનો ઉલ્લેખ કરીને ગુજરાત સરકાર પણ આ દિશામાં પગલાં ભરે તેવી પ્રાર્થના કરી હતી. સંતોએ માત્ર પાંજરાપોળના ભરોસે ગૌવંશનું રક્ષણ શક્ય ન હોવાનું જણાવી વાઘ, મોર અને સિંહની જેમ ગાયના રક્ષણ માટે અલગ કાયદો, ગૌ મંત્રાલયની રચના, ગૌચરની જમીન ઉદ્યોગોને ન ફાળવવા અને સરકારી આવાસોમાં ગોબર આધારિત સામગ્રીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, સંતોની વાતને શિરોમાન્ય રાખીને ગૌમાતા માટે શક્ય તેટલા તમામ કાર્યો કરવા જોઈએ. તેમણે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ઉમેર્યું હતું કે, ગૌસેવા માટે સંતો દ્વારા રજૂ કરાયેલી બાબતો પર સરકાર દ્વારા કામગીરી કરાઈ રહી છે અને ગૌવંશની હત્યા રોકવા કાયદો પણ લવાયો છે. ગૌમાતા દરેકના ઘરમાં હોવી જોઈએ તેમ જણાવી તેમણે સરકારની સાથે નાગરિકોને પણ પોતાની ફરજ નિભાવવા અપીલ કરી હતી.

રશિયન કંપનીઓની ભારતીય બજારમાં નજર

અવકાશ ક્ષેત્રે ભારત-રશિયાની નવી ભાગીદારીના સંકેત

સેટેલાઇટથી આગળ હવે રોકેટ ટેક્નોલોજી, લોન્ચ સુવિધા અને સંશોધનમાં સહયોગની ભારત અને રશિયાની તૈયારી

નવી દિલ્હી, તા.૨૭

ભારત અને રશિયા વચ્ચેની દાયકાઓ જૂની વ્યૂહાત્મક ભાગીદારી હવે અવકાશ ક્ષેત્રમાં પણ નવા આયામ સર કરવા જઈ રહી છે. સંરક્ષણ અને ઊર્જા ક્ષેત્ર બાદ બંને દેશો વચ્ચે નાગરિક અવકાશ ક્ષેત્રમાં ટેક્નોલોજી અને વ્યવસાયિક સહયોગની નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. ખાસ કરીને રોકેટ ટેક્નોલોજી, સેટેલાઈટ સંશોધન, ટેક્નોલોજી ટ્રાન્સફર અને લોન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે ચર્ચાઓ શરૂ થઈ છે.

તાજેતરમાં યોજાયેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્પેસ કોફ્રલેવમાં ભારતીય અને રશિયન અવકાશ કંપનીઓના પ્રતિનિધિઓએ રાઉન્ડ ટેબલ બેઠક યોજીને સંભવિત ભાગીદારી અને સંયુક્ત ટેક્નોલોજી વિકાસ અંગે ચર્ચા કરી હતી. રશિયન કંપનીઓ ભારતના ઝડપથી વિકસતા ખાનગી અવકાશ ક્ષેત્રમાં વ્યાપારી તકો શોધી રહી છે. રશિયાની સેટેલાઈટ ટેક્નોલોજી કંપની જીઓસ્કેન ભારત સાથે સહયોગ વિસ્તારવામાં રસ ધરાવે છે. કંપનીના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ એલેક્સી ટૂસ્કોવે જણાવ્યું હતું કે કંપની ભારતીય સંસ્થાઓ સાથે શિક્ષણ, સંશોધન અને વિકાસ, ટેક્નોલોજી ટ્રાન્સફર તેમજ અવકાશ પ્રક્ષેપણ સેવાઓમાં સહયોગ કરવા માગે છે. આ ભાગીદારી માત્ર સેટેલાઈટ ટેક્નોલોજી પૂરતી મર્યાદિત ન રહેતાં નવી અવકાશ એપ્લિકેશનો અને સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ સુધી વિસ્તરી શકે છે.

રશિયાની બીજી કંપની ઓર્બિટલ સિસ્ટમ્સ પણ ભારતીય કંપનીઓ સાથે સહયોગની શક્યતાઓ શોધી રહી છે. કંપનીનો રસ ખાસ કરીને રોકેટ ટેક્નોલોજી, રોકેટ પરીક્ષણ માટેની માળખાકીય સુવિધાઓ અને સંયુક્ત લોન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં છે. આ ક્ષેત્રોમાં ભાગીદારી થાય તો બંને દેશોની કંપનીઓ પોતાની ટેક્નિકલ કુશળતા અને ઉપલબ્ધ સંસાધનોનો સંયુક્ત ઉપયોગ કરી શકશે. તેનાથી અવકાશ પ્રક્ષેપણ ક્ષેત્રમાં નવી વ્યાપારી તકો ઊભી થવાની સંભાવના છે.

છેલ્લાં વર્ષોમાં ભારતમાં ખાનગી અવકાશ ઉદ્યોગનો વ્યાપ વધ્યો છે. સેટેલાઈટ નિર્માણ, રોકેટ વિકાસ અને અવકાશ આધારિત સેવાઓમાં ખાનગી કંપનીઓની ભાગીદારી વધી રહી છે. આવી સ્થિતિમાં રશિયાની લાંબા સમયથી વિકસેલી અવકાશ ટેક્નોલોજી અને ભારતની ઉત્પાદન ક્ષમતા વચ્ચે સહયોગની નવી તકો ઊભી થઈ શકે છે. ભારત અને રશિયા વચ્ચે અવકાશ ક્ષેત્રમાં સહયોગનો ઈતિહાસ અનેક દાયકાઓ જૂનો છે. હવે ખાનગી કંપનીઓની વધતી ભાગીદારી આ સંબંધોને નવી દિશા આપી શકે છે. જોકે, ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્પેસ કોફ્રલેવમાં થયેલી ચર્ચાઓ હાલ સંભવિત સહયોગ અને વ્યવસાયિક તકો ઓળખવા પૂરતી જ છે. કોઈ મોટા સંયુક્ત પ્રોજેક્ટ કે અંતિમ કરારની સત્તાવાર જાહેરાત થઈ નથી.

જાણીતા રિસર્ચરની ચોંકાવનારી ચેતવણી

૨૦૨૭માં AI મચાવી શકે છે કોવિડ કરતાં પણ મોટી તબાહી

૨૦૩૦ સુધીમાં માનવજાત સામે ૫૦ ટકા જોખમ હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૨૭

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(AI)** આજે માનવીના જીવનનો અભિન્ન હિસ્સો બની રહ્યું છે. શિક્ષણથી લઈને આરોગ્ય, વેપાર અને રોજગાર સુધી દરેક ક્ષેત્રમાં **AI**નો વ્યાપ વધી રહ્યો છે. જોકે, આ ટેક્નોલોજી જેટલી ઉપયોગી સાબિત થઈ રહી છે એટલી જ તેના જોખમોને લઈને ચિંતા પણ વધી રહી છે. હવે **AI** સેફ્ટી રિસર્ચર નિકોલા જુર્કોવિકે એવી ચેતવણી આપી છે કે જો આ ટેક્નોલોજીના વિકાસ પર સમયસર નિયંત્રણ નહીં લાવવામાં આવે તો ૨૦૨૭માં કોવિડ-૧૯ મહામારી કરતાં પણ મોટી વૈશ્વિક કટોકટી સર્જાઈ શકે છે.

નિકોલા જુર્કોવિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **'X'** પર એક ઓપન લેટર દ્વારા **AI**ના સંભવિત જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમના મતે **AI**નો વિકાસ જે ઝડપથી થઈ રહ્યો છે તેની સામે માનવીય નિયંત્રણ અને સુરક્ષાની વ્યવસ્થા પૂરતી મજબૂત નથી. તેમણે વૈશ્વિક સ્તરે કડક નિયમો અને નિયંત્રણ વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે દાવો કર્યો છે કે **AI** સાથે જોડાયેલી સુરક્ષા સંબંધિત ઘટનાઓ અને ટેક્નોલોજીના વધતા પ્રભાવને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે.

રિસર્ચરની ચેતવણી પ્રમાણે ૨૦૨૭ સુધીમાં **AI**ની ક્ષમતા માનવીય મગજ કરતાં પણ આગળ વધી શકે છે. જો **AI**ને યોગ્ય નિયંત્રણ વિના વધુ શક્તિશાળી બનાવવામાં આવશે તો ભવિષ્યમાં માનવજાત માટે અસ્તિત્વનું સંકટ ઊભું થઈ શકે છે.

તેમણે ૨૦૩૦ના અંત સુધીમાં માનવજાત પોતાનું અસ્તિત્વ ગુમાવે અથવા **AI** સામે નિયંત્રણ ગુમાવે તેવી આશંકા ૫૦ ટકા સુધી વ્યક્ત કરી છે. જોકે, આ આંકડો તેમનું વ્યક્તિગત અનુમાન છે, વૈજ્ઞાનિક સમુદાય દ્વારા પ્રમાણિત જોખમનું મૂલ્યાંકન નથી.

AIના વધતા પ્રભાવથી રોજગાર ક્ષેત્રમાં પણ મોટા ફેરફારો થવાની શક્યતા છે. રિસર્ચરના મતે આગામી એક દાયકામાં આજની ઘણી નોકરીઓનું અસ્તિત્વ જોખમમાં આવી શકે છે. **AI** આધારિત ઓટોમેશનને કારણે અનેક ક્ષેત્રોમાં માનવીય શ્રમની જરૂરિયાત ઘટી શકે છે, જેના પરિણામે બેરોજગારી અને આર્થિક અસમાનતાનો પ્રશ્ન ગંભીર બની શકે છે. તેમણે એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે સુપરહ્યુમન છેંના આગમનથી વર્તમાન આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં મોટાપાયે પરિવર્તન આવી શકે છે. આ સમગ્ર ચેતવણીમાં સૌથી વધુ ચર્ચા જે બાબતની થઈ રહી છે તે છે લોકો માટે આપવામાં આવેલી કટોકટીની તૈયારીની સલાહ. નિકોલા જુર્કોવિકે પરિવારોને સંભવિત અણધારી પરિસ્થિતિનો સામનો કરવા માટે રથી ૩ અઠવાડિયાનું રાશન અને જરૂરી રોકડ રકમ તૈયાર રાખવાની સલાહ આપી છે. તેમના મતે ૨૦૨૭માં કોઈ ગંભીર ઘટના સર્જાય તો તેની અસર સામાન્ય જીવન અને આર્થિક વ્યવસ્થા પર પડી શકે છે.

૩ મુખ્ય માંગણીઓ સાથે રણનીતિ જાહેર

સીમાંકન બિલનો ઉગ્ર વિરોધ કરવાનો કોંગ્રેસનો નિર્ણય

સંસદના વિશેષ સત્ર પૂર્વે સોનિયા ગાંધીના નિવાસસ્થાને કોંગ્રેસ સંસદીય દળની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી

નવી દિલ્હી, તા.૨૭

૩૦ નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના વિશેષ સત્ર પૂર્વે શુક્રવારે સોનિયા ગાંધીના નિવાસસ્થાને કોંગ્રેસ સંસદીય દળની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લોકસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવાના કેબિનેટના પ્રસ્તાવ (સીમાંકન બિલ)નો ઉગ્ર વિરોધ કરવાનો નિર્ણય લેવાયો છે. બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કે.સી. વેણુગોપાલ સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ સાંસદ ગૌરવ ગોગોઈએ જણાવ્યું હતું કે, શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યે ખડગેના નેતૃત્વમાં વિપક્ષી દળોની બેઠક યોજાશે, જેમાં એમ.કે. સ્ટાલિન અને શરદ પવારના જૂથના પ્રતિનિધિઓને પણ આમંત્રણ અપાયું છે. જોકે, શરદ પવારની **NCP** અગાઉ આ બિલને સમર્થન જાહેર કરી ચૂકી છે. કોંગ્રેસે આ બિલ સામે ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે:

૧. લોકસભાની વર્તમાન બેઠકોની સંખ્યા યથાવત્ રાખવામાં આવે.

૨. વર્તમાન બેઠકોની સંખ્યાના આધારે જ મહિલા અનામત લાગુ કરવામાં આવે.

૩. આગામી ૨૫ વર્ષ સુધી રાજ્યો વચ્ચે લોકસભાની બેઠકોની હાલની વહેંચણીમાં કોઈ ફેરફાર ન કરાય. કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, સરકાર સીમાંકન પ્રક્રિયા દ્વારા લોકો ક્યાં મતદાન કરી શકશે તે નક્કી કરવા માંગે છે અને ચૂંટણી પંચને કઠપૂતળી બનાવી દીધું છે. એક જ દિવસમાં ૧૪૦થી વધુ સાંસદોને સસ્પેન્ડ કરનાર શાસનતંત્ર પાસે સંસદની સુચારુ કામગીરીની અપેક્ષા રાખી શકાય નહીં. ભાજપનો અંતિમ ઉદ્દેશ્ય સીમાંકન દ્વારા સંખ્યાબળ વધારીને બંધારણમાં ફેરફાર કરવાનો હોવાનો આરોપ પણ કોંગ્રેસે લગાવ્યો હતો.

વિશેષ સત્રને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે લોકસભા અને રાજ્યસભાના તમામ સાંસદો માટે વ્હિપ જાહેર કરી ૨૯ નવેમ્બર સુધીમાં દિલ્હી પહોંચવા આદેશ આપ્યો છે.

બીજી તરફ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાએ પણ પોતાના સાંસદોને સત્રમાં હાજર રહેવા વ્હિપ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે કેન્દ્રીય કેબિનેટે લોકસભાની ૫૪૩ બેઠકોમાં ૫૦% (૨૭૨ બેઠકો) વધારો કરીને કુલ ૮૧૫ બેઠકો કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેમાં તમામ નવી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષને આ ખરડા પરની ચર્ચામાં સહયોગ આપવા અપીલ કરી છે.

ત્રણ વર્ષથી ગુમ જજ, પોલીસ સામે સવાલ

નિવૃત્ત જજને શોધવામાં પોલીસ નિષ્ફળ, ગુજરાત હાઈકોર્ટનો સરકાર સામે આકરો આક્રોશ

પુત્રીએ હેબિયસ કોર્પસ અરજી કરતાં હાઈકોર્ટ સખત નારાજ, DGP સહિતના અધિકારીઓને નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા.૨૭

અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટમાં એક સમયે એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતાં ગુજરાતના એક નિવૃત્ત જજ રાજેશભાઈ વિનોદરાય ઓઝા છેલ્લા ત્રણ વર્ષથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં અને પોલીસ દ્વારા હજુ સુધી આ નિવૃત્ત જજને શોધી નહી શકાતાં આખરે આ નિવૃત્ત જજની પુત્રીએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે.જસ્ટિસ ભાર્ગવ કારીઆ અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠે એક નિવૃત્ત જજની ભાળ મેળવવામાં ત્રણ ત્રણ વર્ષ સુધીની ઉદાસીનતા અને પોલીસની નિષ્ફળતાને લઈ બહુ ગંભીર નારાજગી વ્યકત કરી હતી. હાઈકોર્ટે પોલીસની ભારે ટીકા કરતાં જણાવ્યું કે, શું આપણે કાયદા વિનાના શાસનમાં જીવી રહ્યા છીએ..? તો પછી શું ચાલી રહ્યું છે આ બધુ...? હાઈકોર્ટે એક તબક્કે રાજયના પોલીસ વડાને કોર્ટમાં હાજર કરવાની અને કસૂરવાર સ્ટાફને ઘરભેગા કરવાની ચીમકી ઉચ્ચારતાં સરકાર ફફડી ઉઠી હતી.હાઈકોર્ટે પ્રસ્તુત કેસમાં રાજય સરકાર, રાજયના **DGP**, શહેર પોલીસ કમિશનર, શાહીબાગ પીઆઈ સહિતના પક્ષકારોને નોટિસ કાઢી ત્રણ વર્ષથી ગુમ થયેલા નિવૃત્ત ન્યાયાધીશને શોધવાના પૂરતા પ્રયાસો કેમ નથી કરાયા એ મુદ્દે જવાબ માંગ્યો હતો. હાઈકોર્ટે આક્રમક સ્વરમાં વધુમાં જણાવ્યું કે, જો કોઈ ન્યાયિક અધિકારી સાથે પોલીસનું આવું વલણ છે તો એક સામાન્ય વ્યકિત સાથે શું થઈ શકે છે તે સમજી શકાય તેમ છે.

એક વ્યકિત (નિવૃત્ત જજ) ત્રણ-ત્રણ વર્ષથી ગુમ-લાપતા છે અને તમે એફઆઈઆર નથી નોંધી રહ્યા... આપણે કેવી અરાજકતાની સ્થિતિમાં જીવી રહ્યા છીએ.નિવૃત્ત જજ રાજેશભાઈ ઓઝાની પુત્રી દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી હેબીયર્સ કોર્પસ અરજીમાં અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, તેના પિતા રાજેશભાઈ ઓઝા વર્ષ **2016**માં અમદાવાદમાં એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા અને બાદમાં નિવૃત્ત થયા હતા. તેઓ સપ્ટેમ્બર-**2023**થી રહસ્યમય સંજોગોમાં ઘરેથી ગુમ થઈ ગયા છે. અરજદારે ઓકટોબર-**2023**માં શાહીબાગ પોલીસને જાણ કરી હતી પરંતુ પોલીસે આ મામલે એફઆઈઆર દાખલ નહી કરી માત્ર જાણવા જોગ એન્ટ્રી કરી હતી. સૌથી મહત્વની બાબત એ છે કે, તેના પિતાનું નિવૃત્ત જજ તરીકેનું ફેમીલી પેન્શન મેળવવા માટે પણ એફઆઈઆર જરૂરી છે. અરજદારે તેના પિતાને શોધવા માટે પોલીસને સીટ અથવા માનવ તસ્કરી વિરોધી એકમ દ્વારા તપાસની પણ માંગ કરી હતી.

ગુજરાતની નવી ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર

રાજ્યમાં કુલ મતદારોનો આંકડો ૪.૪૮ કરોડને પાર

નાગરિકોને મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરાવવા અને વિગતોમાં સુધારા કરવા માટે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે નવી ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદી મુજબ ગુજરાતમાં કુલ મતદારોની સંખ્યા ૪.૪૮ કરોડને પાર પહોંચી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ૮.૪૬ લાખ નવા મતદારોનો ઉમેરો થયો હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. નાગરિકોને મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરાવવા અને વિગતોમાં સુધારા કરવા માટે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે.ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં કુલ ૪.૪૮ કરોડ મતદારોનો સમાવેશ થાય છે. તેમાં ૨.૩૦ કરોડ પુરુષ, ૨.૧૭ કરોડ મહિલા અને થર્ડ જેન્ડર કેટેગરીના ૧,૦૭૧ મતદારોનો સમાવેશ થાય છે. છેલ્લા એક વર્ષમાં મતદારોની સંખ્યામાં ૧.૯૨ ટકાનો વધારો નોંધાયો છે.

મતદાર યાદીને વધુ ચોક્કસ અને ભૂલરહિત બનાવવા ચૂંટણી પંચ દ્વારા હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મતદાર યાદીમાં નામ ઉમેરવા અથવા વિગતોમાં સુધારો કરાવવા ઇચ્છતા નાગરિકોની સુવિધા માટે ચૂંટણી પંચે ખાસ ઝુંબેશનું આયોજન કર્યું છે.

આ અંતર્ગત ૨૯ નવેમ્બર, ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બરના રોજ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી રાજ્યનાં તમામ મતદાન મથકો પર બુથ લેવલ ઓફિસર (**BLO**) હાજર રહેશે. નાગરિકો પોતાના મતદાન મથક પર જઈને જરૂરી ફોર્મ ભરી શકશે. ચૂંટણી પંચ દ્વારા યુવા મતદારો માટે એડવાન્સ અરજીની સુવિધા પણ આપવામાં આવી છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરનારા યુવાનો મતદાર યાદીમાં નામ નોંધાવવા અરજી કરી શકશે. આ ઉપરાંત ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો પણ અગાઉથી અરજી કરી શકશે. પાત્રતાની તારીખ પૂર્ણ થયા બાદ નિયમ મુજબ તેમની નોંધણીની પ્રક્રિયા આગળ વધશે.

કયા કામ માટે કયું ફોર્મ ભરવું?

ફોર્મ-૬: મતદાર યાદીમાં નવું નામ ઉમેરવા માટે.

ફોર્મ-૬બ: આધાર નંબરને મતદાર ઓળખપત્ર સાથે જોડવા માટે. આ પ્રક્રિયા સ્વૈચ્છિક છે.

ફોર્મ-૭: મતદાર યાદીમાં નામ સામે વાંધો નોંધાવવા અથવા નામ કમી કરાવવા માટે.

ફોર્મ-૮: નામ, અટક, ફોટો, જન્મતારીખ અને સરનામામાં સુધારા તેમજ મતવિસ્તાર બદલવા માટે.

ઘરે બેઠા પણ ચકાસી શકાશે મતદાર યાદીમાં નામ

જે નાગરિકો મતદાન મથકે જઈ શકતા નથી તેઓ ઘરે બેઠા પણ મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી શકશે. આ માટે ચૂંટણી પંચના સત્તાવાર પોર્ટલ **https://vOers.eci.gov.in** પર જઈને ઓનલાઈન અરજી કરી શકાશે. ઉપરાંત **VOer Helpline App** દ્વારા પણ જરૂરી પ્રક્રિયા કરી શકાશે.વધુ માહિતી અને માર્ગદર્શન માટે ચૂંટણી પંચની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

અમદાવાદમાં ડેન્ગ્યૂનો ડબલ એટેક

અમદાવાદમાં બે મહિનામાં ડેન્ગ્યૂના ૭૦૦થી વધુ કેસ

અમદાવાદમાં માત્ર ડેન્ગ્યૂ જ નહીં, પરંતુ ટાઇફોઇડ, કમળો અને ઝાડા-ઊલટી જેવા રોગોના કેસમાં પણ વધારો નોંધાયો છે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં શિયાળાની શરૂઆત સાથે જ રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરમાં ડેન્ગ્યૂના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં અત્યાર સુધી ૭૦૦થી વધુ લોકો ડેન્ગ્યૂની ઝપેટમાં આવ્યા છે. ગયા વર્ષની સરખામણીએ આ વખતે ડેન્ગ્યૂના કેસ બમણા નોંધાયા છે.

અમદાવાદમાં ડેન્ગ્યૂના કેસમાં સૌથી વધુ વધારો ઓક્ટોબર મહિનામાં જોવા મળ્યો હતો. માત્ર એક જ મહિનામાં ૫૫૩ કેસ નોંધાયા હતા. જ્યારે નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોને ડેન્ગ્યૂ થયો છે. આ આંકડા શહેરમાં મચ્છરજન્ય રોગોના વધતા જોખમ તરફ ધ્યાન દોરે છે.

અમદાવાદમાં માત્ર ડેન્ગ્યૂ જ નહીં, પરંતુ ટાઇફોઇડ, કમળો અને ઝાડા-ઊલટી જેવા રોગોના કેસમાં પણ વધારો નોંધાયો છે. રોગચાળાના વધતા કેસને ધ્યાનમાં રાખીને નાગરિકોએ આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી છે.

ડેન્ગ્યૂ ફેલાવતા મચ્છરો પાણી ભરાયેલા સ્થળોએ પેદા થઈ શકે છે. ઘરની આસપાસના કુંડા, ટાયર, પાણીની ટાંકી અને અન્ય વાસણોમાં પાણી ભરાઈ રહેતું હોય તો તેને નિયમિત ખાલી કરવું જોઈએ.શરીરને ઢાંકે તેવા કપડાં પહેરવ

અમરેલીનું સૌથી જુનું અને જાણીતું
ટેસ્ટટ્યુબ બેબી (IVF) સેન્ટર
:: ઉપલબ્ધ યોજનાઓ ::
આયુષ્માન ભારત યોજના, મેડિકલેઇમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ, GEB/GETCO ના
કર્મચારી તથા તેમના પરિવારને કેશલેસ સારવાર
નોર્મલ તથા સિઝેરીયન ડિલીવરી, ગર્ભાશય (કોથળી) ના
ઓપરેશન, વ્યંધત્વની સારવાર,
સ્ત્રીરોગોની સારવાર
24/7 Emergency Services
NABH
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

છેલ્લા ૧૦ વર્ષથી દરખાસ્ત થઈ છે, મંજૂરી મળી ગઈ છે, કામ શરૂ છે તેવી વાતોથી કાન થાકી ગયા

અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે અને બાબરા અને ચાવંડ સુધી ફોરલેન ક્યારે ?

સમગ્ર પંથકની જનતા ધૈર્યવાન હોવાથી સત્તાધીશોને વિકાસ કાર્યોમાં ઝડપ કરવાની કોઈ ચિંતા નથી

જિલ્લામાં આજે વિપક્ષનું નામો નિશાન રહ્યું ન હોવાથી જનતા કરી પણ શું શકે

આઝાદીનાં ૮૦ વર્ષ બાદ જિલ્લાનું મુખ્ય મથક બ્રોડગેજ રેલ્વેની સુવિધાથી વંચિત

સરકારી શાળાઓ, કોલેજો કે દવાખાનાની યોગ્ય સુવિધા નથી પરંતુ પરિવહનની તો સુવિધા આપવી જોઈએને

અમરેલી, તા. ૨૭

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં પણ આઝાદીનાં ૮૦ વર્ષ બાદ બ્રોડગેજ રેલ્વેની સુવિધાથી વંચિત રહેવાની સાથે અમરેલીને રાજકોટ સાથે જોડતા બાબરા અને ભાવનગર–અમદાવાદ સાથે જોડતા ચાવંડ સુધીનો માર્ગ ફોરલેન બનતો નથી.

છેલ્લા એક દાયકાથી બ્રોડગેજ રેલ્વે લાઈન અને બાબરા–ચાવંડ સુધીનાં ફોરલેન માર્ગની દરખાસ્ત રવાના થઈ છે, મંજૂરી મળી ગઈ છે, ટૂંક સમયમાં કામ શરૂ થશે તેવી વાતો સાંભળીને જનતાનાં કાન થાકી ગયા છે. જોકે બ્રોડગેજ રેલ્વેની કામગીરી પૂર્ણ થવા તરફ છે પરંતુ બાબરા અને ચાવંડ સુધીનાં માર્ગને ફોરલેન કરવાનાં કામનાં કોઈ ઠેકાણા નથી.





તદુપરાંત, અમરેલીથી સાવરકુંડલા–મહુવા સુધી અને અમરેલીથી સાવરકુંડલા–રાજુલા સુધીનો માર્ગ પણ ફોરલેન બનવાનો છે, બની રહ્યો છે તેવી વાતો થઈ રહી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

સ્થાનિકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી

બાબરાની શ્રીકૃષ્ણનગર સોસાયટીમાં સરકારી જમીન ઉપર દબાણ થતા તપાસની માંગ

રહેણાંક મકાનની સામે શટરવાળું કેબિન ખડકી દેવાયું

બાબરા, તા. ૨૭

બાબરા શહેરનાં રાજકોટ–ભાવનગર હાઈવે પર રામનગરની સામે આવેલી શ્રીકૃષ્ણનગર સોસાયટીનાં રહીશો દ્વારા સરકારી જમીન પર થયેલા કથિત ગેરકાયદે દબાણો દૂર કરવા સંબંધિત તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રહીશોએ અમરેલી જિલ્લા પંચાયતનાં માર્ગ અને મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને સંબોધીને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, શ્રીકૃષ્ણનગર સોસાયટી કલેકટરનાં નિયમો અનુસાર બનાવવામાં આવેલી રહેણાંક સોસાયટી છે. સોસાયટીનાં મકાનોની સામે આવેલી ખુલ્લી સરકારી ખરાબાની જમીન પર અંદાજે ૨૦થી ૨૫ ફૂટનું શટરવાળું પતરા અને લોખંડનું કેબિન ઊભું કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રજૂઆત મુજબ આ કેબિન સરકારી જમીન તેમજ સોસાયટીની જમીનમાં અનધિકૃત રીતે દબાણ કરીને મૂકવામાં આવ્યું છે. વધુમાં કેબિન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

મૂકનાર વ્યકિતઓ દ્વારા સોસાયટીમાં મકાન ખરીદ્યા બાદ મકાનનાં આગળનાં ભાગમાં પણ ફેરફાર કરી દબાણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો છે.

રહીશોના જણાવ્યા અનુસાર આ બાબતે સોસાયટી દ્વારા સામૂહિક મીટિંગ બોલાવવામાં આવી હતી, પરંતુ સંબંધિત વ્યકિતઓ હાજર રહ્યા નહોતા. ત્યારબાદ રૂબરૂ સંપર્ક કરીને કેબિન હટાવવા જણાવતાં ઉડાઉ અને ઉદ્ધતાઈભર્યા જવાબો મળતા હોવાનો પણ રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે. હાલ પણ સ્થળ પર કેબિન યથાવત હોવાનું જણાવી રહીશોએ સ્થળની તસવીરો સાથે રજૂઆત કરી છે.

આ ઉપરાંત જો સમયસર દબાણ દૂર કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં સ્થાનિક રહીશો અને અન્ય લોકો વચ્ચે ઘર્ષણ તથા પરેશાની ઊભી થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે.

આ સમગ્ર મામલે શ્રીકૃષ્ણનગર સોસાયટીનાં રહીશોએ તંત્રને સ્થળ તપાસ કરી સરકારી જમીન પર થયેલા કથિત ગેરકાયદે દબાણો તાત્કાલિક દૂર કરાવવા તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માંગણી કરી.

૨ દિવસની તેજી બાદ ભાવમાં કડાકો બોલ્યો

મહુવા : લાલ ડુંગળીનું વાવેતર કરનાર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળ્યો નહી

મોંઘા બિયારણ અને અન્ય ખર્ચે માથે પડયો



અમરેલી, તા. ૨૭

મહુવાનાં માર્કેટયાર્ડમાં લાલ ડુંગળીનાં ભાવમાં કડાકો બોલતાં ડુંગળી પકવતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે.

છેલ્લા ૨ દિવસથી લાલ ડુંગળીનો ભાવ ઊંચે જતાં મોટી સંખ્યામાં ખેડૂતો ડુંગળી લઈને પહોંચતા અચાનક ડુંગળીનાં ભાવમાં કડાકો બોલી જતાં ખેડૂતોને પરિવહન સહિતનો ખર્ચ માથે પડયો હતો.

હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય થતાં ફરિયાદ

અમરેલી ખાતે સગાઈ પ્રસંગે ગૌવંશનાં માંસનો ઉપયોગ જમણવારમાં કરાયો

સિટી પોલીસે ૩ વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો

અમરેલી, તા. ૨૭

અમરેલીના જીવાપરા શેરી નં. ૧માં રહેતા મહમદ હનીફભાઈ રસુલમીયા સૈયદની દીકરીની સગાઈ તેમજ ભાણીયાના લગ્ન પ્રસંગ સિપાઈ અમરેલીના મોટા કશ્બાવાડ જમાતખાનામાના રાખવામાં આવેલ હતી. ત્યારે ત્યાં યોજેલ જમણવાર સબબ ગૌવંશનુ માંસ આશરે ૭૦ કિ.ગ્રા. લીલીયા ગામે આવેલ સંઘીવાડ, લીલાશા પીરની દરગાહ પાસે રહેતા આરોપી અસ્લમભાઈ સુલેમાનભાઈ બાવનકા પાસેથી મંગાવેલ હતું. જે જથ્થો આરોપી અસ્લમભાઈએ ગૌવંશનુ પોતે અથવા અન્ય કોઈ મારફતે કતલ કરાવી ભાડેની કારમાં આરોપી મહમદ હનીફભાઈને પુરો પાડી, આરોપી ઈરફાનભાઈ ઉર્ફે ટીડાભાઈએ સદરહુ ગૌ માંસનુ જમણવાર માટે અખની બનાવી આપી ગાય એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતિક માનવામાં આવતી હોવાનું જાણવા છતાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય કરી એકબીજાને મદદગારી કરી કર્યા અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. દિનેશભાઈ વિનુભાઈ સરવૈયાએ ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆત

સાવરકુંડલામાં ગેસ સીલીન્ડરની અપુરતા સપ્લાયની સમસ્યા દૂર કરો

જિલ્લા કલેકટર અને આઈઓસીમાં પત્ર પાઠવ્યો

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાં ગેસ સિલિન્ડરના અપૂરતા અને અનિયમિત પુરવઠાને લઈને ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા જિલ્લા કલેકટર તથા આઈઓસી (ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન)ના સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ધ્યાન દોરવામાં આવ્યું છે.

સાવરકુંડલામાં છેલ્લા એક



વર્ષથી ગેસ સિલિન્ડરના પુરવઠા અંગે વારંવાર સમસ્યાઓ ઊભી થઈ રહી છે. સવારના વહેલા સમયે પણ નાગરિકો ગેસ સિલિન્ડરની અછત અને વિતરણની મુશ્કેલીઓ અંગે ફોન કરીને પોતાની ફરિયાદો અને વ્યથા રજૂ કરી રહ્યા છે. સામાન્ય નાગરિકોને રોજિંદી જીવનની આવશ્યકતા એવા ગેસ સિલિન્ડર માટે આ રીતે પરેશાન થવું પડે તે યોગ્ય નથી.

ધારાસભ્ય મહેશ કસવાલાએ કલેકટર અને આઈઓસીના અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી છે કે સાવરકુંડલાને પૂરતો અને નિયમિત ગેસ પુરવઠો કેમ

અનુસંધાન પાના ૬ ઉપર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા

અમરેલી જિલ્લામાં ૩૬૯ વિદ્યાસહાયક (શિક્ષકો)ને નિમણુંક પત્ર એનાયત કરાયા

એક ઉમેદવારની અસંમતી અને એક ગેરહાજર રહ્યાં

અમરેલી, તા. ૨૭

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલી વિદ્યાસહાયક ભરતી અંતર્ગત અમરેલી જિલ્લામાં ધોરણ ૧ થી ૫ ના ગુજરાતી માધ્યમની શાળાઓ માટે મેરીટના આધારે ફાળવાયેલા ૩૭૧ ઉમેદવારો માટે શાળા સ્થળ પસંદગી માટેનો કેમ્પ આજે યોજાયો હતો. જેમાં ૩૬૯ ઉમેદવારોએ પોતાની પસંદગીની શાળાઓ પસંદ કરતાં તેમને સ્થળ ઉપર જ નિમણૂંક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આજે જિલ્લાને ફાળવાયેલા કુલ ૩૭૧ ઉમેદવારો પૈકી ૩૬૯ ઉમેદવારોએ શાળા સ્થળ પસંદગી કરી નિમણૂંક હુકમો મેળવ્યા હતા. જયારે એક ઉમેદવારે અસંમતી દર્શાવી હતી અને એક ઉમેદવાર ગેરહાજર રહ્યો હતો. આ કાર્યક્રમમાં પસંદગી પામેલા



ઉમેદવારો ઉપરાંત મોટી સંખ્યામાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજે તા. ૨૭ નવેમ્બર શુક્રવારના રોજ અમરેલીના સિવિલ હોસ્પિટલ સામે આવેલા કે.કે. પારેખ

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)